શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૫

# શ્રી ભગવતી સૂત્ર


આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.

પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

આલેખન

– ડૉ. સાધ્વી આરતી – સાધ્વી સુબોધિકા

# અનંત ઉપકારી તપસમ્રાટ પૂજય ગુરુદેવ
# શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

અહો ગુરુદેવ!
આપની આજ્ઞા સહ પરમ કૃપાએ
સાકાર પામેલી ગુરુ પ્રાણ
આગમ બત્રીસી આધારિત
આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે
આપના કરકમલમાં અર્પણ... **સમર્પણ...**

# શ્રી ભગવતી સૂત્ર

આત્માના ભગવદ્ ભાવોને પ્રગટ કરતું શ્રી ભગવતીસૂત્ર બાર અંગ સૂત્રોમાં પાંચમું અંગસૂત્ર છે. પ્રત્યેક આગમ પોત-પોતાના વિષય નિરૂપણ આદિની સ્ત્રષ્ટિએ ઉત્તમ છે તેમ છતાં વિશાળતા, ગહનતા, ગંભીરતા આદિ દષ્ટિએ શ્રી ભગવતીસૂત્ર મૂર્ધન્ય સ્થાન પ્રાપ્ત કરે છે. શરીરના અષ્ટાંગમાં મસ્તકની મુખ્યતા પ્રધાનતા છે તે જ રીતે અંગસૂત્રમાં ભગવતી સૂત્રની પ્રધાનતા છે. તેનું મૂળ નામ 'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર' છે. લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી તેમજ અન્ય પ્રશ્નકારોના વિવિધ વિષયોને સ્પર્શતા ૩૬૦૦૦ પ્રશ્નો તથા પ્રાયઃ પ્રભુ મહાવીરે આપેલા ઉત્તરોથી સમૃદ્ધ આ સૂત્ર છે. તેની પૂજનીયતા અને વિશિષ્ટતાના કારણે આ સૂત્ર ભગવતીસૂત્ર નામથી જ પ્રસિદ્ધિ પામ્યું છે. આ સૂત્રનું નામ જ તેના ગૌરવને પ્રગટ કરે છે.

શ્રી ભગવતીસૂત્રમાં મુખ્ય ૪૧ શતક છે. અવાન્તર શતકને ગણતાં ૧૩૮ શતક તથા ૧૯૨૫ ઉદ્દેશક છે.

**વિષયવસ્તુ** : આ સૂત્ર તત્ત્વવિદ્યાનો આકર-ભંડારરૂપ

ગ્રંથ છે. તેમાં જીવજગત અને જડજગતનું વિવિધ પ્રકારે વિસ્તૃત વિવેચન છે. તત્ત્વજ્ઞાન અને આચારનો સુભગ સમન્વય આ આગમની વિશિષ્ટતા છે. કેટલાક તાત્ત્વિક વિષયોને સમજાવવા શાસ્ત્રકારે કથાનુયોગનો આધાર લીધો છે. આ શાસ્ત્રમાં ભિન્ન ભિન્ન કાલે ભિન્ન ભિન્ન વ્યકિતઓએ ભિન્ન ભિન્ન વિષયક પ્રશ્નો પૂછયા છે, તેથી તેમાં કોઈ ક્રમ નથી. અહીં ભગવતીસૂત્રના કેટલાક વિષયોને સમજાવ્યા છે.

## શતક-૧/૧

**ચલમાણે ચલિએ :** આ ભગવતીસૂત્રનો મુખ્ય સિદ્ધાંત છે. વર્તમાનકાલ એક સમયનો જ છે, પ્રત્યેક વર્તમાનકાલીન ક્રિયા તે જ સમયે ભૂતકાલીન બની જાય છે. ચાલવાની ક્રિયાનો પ્રારંભ કર્યો, તે જ સમયે તે જ ક્રિયા પૂર્ણ થાય છે, તેથી જ ચલમાન ચલિત કહેવાય છે. જે સમયે હિંસાદિ પાપપ્રવૃત્તિનો સંકલ્પ કર્યો, તે જ સમયે તજ્જન્ય કર્મબંધ થાય છે.

વ્યવહારમાં જે સમયે કાર્યનો પ્રારંભ થયો તે જ સમયે કાર્યની પૂર્ણતા જોઈ શકાતી નથી. છદ્મસ્થ જીવોની કોઈ પણ પ્રવૃત્તિ અસંખ્યાત સમયે જ પૂર્ણ થાય છે, પરંતુ નિશ્ચયથી – વાસ્તવિક રીતે પ્રત્યેક સમયે કાર્યની

આંશિક પૂર્ણતા થતી જ રહે છે, જેમ ચાલનાર વ્યકિતનું એક એક કદમ ઉપડતું જાય તેમ તેટલી તેટલી ગતિક્રિયા પૂર્ણ થતી જાય છે. આ રીતે આંશિક પૂર્ણતા થતાં થતાં અંતે કાર્ય સંપૂર્ણ થાય છે.

આ સિદ્ધાંત વર્તમાનકાલની મહત્તા પ્રદર્શિત કરે છે, કારણ કે ભૂતકાલ વિનષ્ટ થઈ ગયો છે, ભવિષ્યકાલ અનુત્પન્ન છે. સાધકની સાધના વર્તમાનમાં જ થાય છે, વર્તમાનકાલની મહત્તા સ્વીકારીને સાધક અપ્રમત્તપણે સાધના કરે, તે જ તેનો આશય છે.

**આરંભ-અનારંભ :** કર્મબંધના કારણરૂપ જીવહિંસાદિ કે અશુભયોગની પ્રવૃત્તિ આરંભ કહેવાય છે. જયાં સુધી જીવ આરંભી છે ત્યાં સુધી તેને કર્મબંધ થાય છે. જયારે આરંભ છૂટે ત્યારે જ જીવ અનારંભી બનીને કર્મથી મુકત થાય છે.

સામાન્ય રીતે સંસારી જીવો યેનકેન પ્રકારે સ્વયં આરંભ કરતા હોવાથી આત્મારંભી, બીજા પાસે પાપ પ્રવૃત્તિ કરાવતા હોવાથી પરારંભી, કયારેક ઉભયારંભી હોય છે. આરંભથી જ સંસારી જીવોની કર્મબંધની પરંપરા અને જન્મ-મરણનું ચક્ર ચાલુ રહે છે, પરંતુ ચારે ગતિના સંસારી જીવોમાંથી ગર્ભજ મનુષ્યો જ

પાપપ્રવૃત્તિનો સંપૂર્ણ ત્યાગ કરીને, અનારંભી થઈ શકે છે અને અનારંભી મનુષ્યો જ કર્મથી મુકત થઈ શકે છે, તેથી મનુષ્યજન્મની મહત્તા છે.

**જ્ઞાન-દર્શનાદિ ઈહભવિક કે પરભવિક ? :** જ્ઞાન, દર્શન આત્માના સ્વાભાવિક ગુણ છે. પાણીની શીતળતા જેમ પાણીની સાથે જ રહે છે તેમ જીવ ગમે ત્યાં જન્મ-મરણ કરે પરંતુ જ્ઞાન-દર્શન ગુણ જીવની સાથે જ જાય છે, તેથી જ્ઞાન-દર્શન ઈહભવિક છે, પરભવિક છે અને તદુભયભવિક છે. ચારિત્ર અને તપનું પાલન શરીરથી થાય છે, તેથી તે જીવની સાથે પરભવમાં જતા નથી. તે ઈહભવિક જ છે.

## શતક-૧/૬

**રોહા અણગારના લોક સંસ્થિતિ વિષયક પ્રશ્નો :** કોઈપણ મનુષ્ય ચિંતનનો પ્રારંભ કરે ત્યારે તેના અંતરમાં જિજ્ઞાસા થાય છે કે આ સૃષ્ટિનું સર્જન કોણે કર્યું ? આ સૃષ્ટિ પર પહેલું કોણ આવ્યું હશે ? આ સૃષ્ટિનો નાશ કયારે થશે ? વગેરે પ્રશ્નો સહજ રીતે થાય છે, ભિન્ન ભિન્ન દર્શનોમાં તેનું સમાધાન ભિન્ન ભિન્ન રીતે થયું છે. ઉપનિષદ્‌માં તદ્‌વિષયક વિભિન્ન

વિચારધારા છે.

બ્રહ્માદ્વૈતવાદીના મતે સંપૂર્ણ જગત બ્રહ્મ સ્વરૂપ છે અને આપણે સહુ તેના પ્રતિબિંબ છીએ. પ્રાચીન પરંપરા અનુસાર સૃષ્ટિના સર્જનહાર બ્રહ્મા, પાલનકર્તા વિષ્ણુ અને સંહારકર્તા મહેશ-શંકર મનાય છે. આ પ્રકારની વિચારધારાઓમાં સત્ય સમજવા માટે રોહા અણગારના પ્રશ્નો અત્યંત મહત્વના છે.

**પ્રશ્ન : હે ભગવન્ ! પહેલા લોક છે કે પહેલા અલોક છે ?**

**ઉત્તર:** હે રોહા ! લોક અને અલોક બંને પહેલાં પણ છે અને પછી પણ છે. આ બંને અનાદિ સિદ્ધ શાશ્વત ભાવો છે, લોક કે અલોકને કોઈ ઉત્પન્ન કરતું નથી કે તેનો સર્વથા વિનાશ પણ થતો નથી.

જે રીતે પહેલા કૂકડી કે પહેલા ઈંડું ? ઈંડા વિના કૂકડીનો જન્મ થતો નથી. તે જ રીતે કૂકડી વિના ઈંડું ઉત્પન્ન થતું નથી. કૂકડી અને ઈંડું બંનેમાં પૂર્વ-પશ્ચાદ્નો ક્રમ શકય નથી. તે જ રીતે જીવ-અજીવ, સંસાર અને સિદ્ધગતિ, લોક અને અલોક વગેરે ભાવોમાં પૂર્વ - પશ્ચાદ્નો ક્રમ નથી. તે સર્વ ભાવો સહજ સિદ્ધ છે. જે પદાર્થો મનુષ્યો દ્વારા નિર્મિત છે તેમાં પૂર્વ - પશ્ચાદ્નો

ક્રમ હોય છે. જે પદાર્થો અનાદિકાલથી છે તેમાં કોઈ ક્રમ નથી.

**લોકસંસ્થિતિ :** કેટલાક મતાવલંબી પૃથ્વીને શેષનાગ પર કે શેષનાગની ફેણ પર સ્થિત માને છે. કેટલાક પૃથ્વીને ગાયના શિંગ પર રહેલી સ્વીકારે છે. કેટલાક પૃથ્વીને સત્ય પર આધારિત માને છે. આ સર્વ માન્યતાથી લોક સ્થિતિની સમસ્યાનું સમાધાન થતું નથી. ભગવાને ગૌતમ સ્વામીના ઉત્તરમાં સમજાવ્યું છે કે, (૧) સર્વ પ્રથમ આકાશ સ્વપ્રતિષ્ઠિત છે. (૨) તેના આધારે તનુવાત– પાતળી હવા છે. (૩) તેના આધારે ઘનવાત – ઘનીભૂત થયેલી હવા છે. (૪) તેના આધારે ઘનોદધિ – ઘનીભૂત થયેલું પાણી છે. (૫) તેના આધારે દેખાતી આ પૃથ્વી છે. (૬) પૃથ્વી પર ત્રસ–સ્થાવર જીવો છે. (૭) અજીવ સૃષ્ટિની જે વિવિધતા દષ્ટિગોચર થાય છે તે જીવકૃત છે. તે જીવ સહિતના શરીરો અથવા જીવે છોડેલા શરીર છે. અર્થાત્ અજીવ – જીવ પ્રતિષ્ઠિત છે. (૮) જીવ કર્મ પ્રતિષ્ઠિત છે, જીવની જે વિવિધતા અથવા પરિવર્તનશીલતા પ્રતીત થાય છે તે સર્વ જીવના કર્મ દ્વારા થાય છે.

આ રીતે જીવજગત અને અજીવજગત પરસ્પર

સંબંધિત છે.

## શતક-૧/૭

**કર્મ-પુનર્જન્મ :** કોઈપણ સંસારી જીવ પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં સ્થૂલ શરીર, સ્થૂલ ઈન્દ્રિયાદિ અહીં છોડીને જાય છે, પરંતુ તેના આત્મા સાથે એકમેક થયેલા કર્મો, કર્મજન્ય સંસ્કારો, તૈજસ-કાર્મણ શરીર રૂપ સૂક્ષ્મ શરીરને સાથે લઈને નવો જન્મ ધારણ કરે છે. ત્યાં ઉત્પન્ન થઈને પોતાના કર્માનુસાર નવું સ્થૂલ શરીર બનાવે છે. આ રીતે જીવના કર્મ પ્રમાણે તેના પુનર્જન્મની પરંપરા ચાલે છે.

## શતક-૧/૮

**જીવનું ભારેપણું હળવાપણું :** કોઈપણ જીવ હિંસા, અસત્ય, ચોરી, રાગ, દ્વેષ વગેરે અઢાર પાપસ્થાનના સેવનથી કર્મનો ભાર વધારીને ભારે બને છે. કર્મોની સ્થિતિ વધારે છે, સંસાર પરિભ્રમણ વધારે છે. કર્મભારથી ભારે બનેલો જીવ અધોગતિને પામે છે અને હિંસાદિ પાપસ્થાનોના ત્યાગથી કર્મોના ભારથી હળવો બને છે, કર્મોની સ્થિતિ ઘટાડે છે, સંસાર પરિભ્રમણને ઘટાડે છે, કર્મના ભારથી હળવો બનેલો જીવ ઊર્ધ્વગતિને

પામે છે.

## શતક-૧/૯

**કાલાસ્યવેષિપુત્ર અણગારના પ્રશ્નો :** પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના કાલાસ્યવેષિપુત્ર અણગારે ભગવાન મહાવીર સ્વામીના સ્થવિરમુનિઓને પ્રશ્નો પૂછ્યા-પ્રશ્ન : સામાયિક શું છે ? સામાયિકનું ફળ શું છે ? ઉત્તરઃ आया णे अज्जो सामाइए । હે આર્ય ! રાગ-દ્વેષાદિ મલિન પરિણામોથી શુદ્ધ થયેલો આપણો આત્મા જ સામાયિક છે અને સામાયિકની આરાધનાથી જ આત્મા વિશુદ્ધ થાય છે, તેથી આત્માની વિશુદ્ધિ થવી, તે જ સામાયિકનું ફળ છે.

**પ્રશ્ન :** પ્રત્યાખ્યાન શું છે ? પ્રત્યાખ્યાનનું પ્રયોજન શું છે ?
**ઉત્તર :** પાપકારી પ્રવૃત્તિના ત્યાગને પચ્ચક્ખાણ કહે છે. સ્વયં શુદ્ધ આત્મા નિષ્પાપ સ્વરૂપ હોવાથી આત્મા જ પ્રત્યાખ્યાન સ્વરૂપ છે અને આત્માની નિષ્પાપ અવસ્થાને પ્રાપ્ત થવું, તે જ પ્રત્યાખ્યાનનું પ્રયોજન છે. તે જ રીતે આત્મા સ્વયં સંયમ સ્વરૂપ, સંવર સ્વરૂપ, વિવેક અને વ્યુત્સર્ગ સ્વરૂપ છે. આત્માની શુદ્ધ અવસ્થાની પ્રાપ્તિ તે જ સંયમ આદિ પ્રત્યેક અનુષ્ઠાનોનું પ્રયોજન છે.

## શતક–૨/૧

**સ્કંદક પરિવ્રાજક :** શ્રાવસ્તી નગરીમાં વેદ–વેદાંગમાં પારંગત સ્કંદક નામના પરિવ્રાજક રહેતા હતા. તેને પ્રભુ મહાવીરના શિષ્ય પિંગલ નિર્ગ્રંથે પાંચ પ્રશ્નો પૂછયા. સ્કંદક પરિવ્રાજક તેના ઉત્તર આપી શકયા નહીં. પ્રશ્નના સમાધાનના લક્ષે તે પ્રભુ મહાવીરસ્વામી પાસે ગયા. સર્વજ્ઞ પ્રભુએ તેના આગમનના પ્રયોજનને તથા તેની યોગ્યતાને જાણીને ગૌતમસ્વામીને તેના સ્વાગત માટે સૂચન કર્યું. ગૌતમસ્વામીએ સ્કંદકપરિવ્રાજકનું સ્વાગત કર્યું. ત્યાર પછી પ્રભુ મહાવીર અને સ્કંદકપરિવ્રાજક વચ્ચે પ્રશ્નોત્તર થયા. પ્રભુએ અનેકાંતરત્રષ્ટિથી પ્રશ્નોનું સમાધાન કર્યું.

**પ્રશ્ન :** લોક સાંત છે કે અનંત ? **ઉત્તર :** દ્રવ્યથી લોક એક છે અને અંત સહિત છે. ક્ષેત્રથી અસંખ્ય કોડાકોડી યોજન લાંબો–પહોળો છે અર્થાત્ સાદિ સાંત છે. કાલથી અનાદિ અનંત છે. ભાવથી તેમાં રહેલા પદાર્થોની અવસ્થાઓ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાનાદિ પરિવર્તન પામે છે, તેથી સાદિ સાંત છે.

**પ્રશ્ન :** જીવ સાંત છે કે અનંત છે ? **ઉત્તર :** દ્રવ્યથી જીવ

દ્રવ્ય અનાદિ અનંત છે એક જીવદ્રવ્યની એક અવસ્થા સાદિ સાંત છે. ક્ષેત્રથી તે અસંખ્ય પ્રદેશાત્મક હોવાથી સાદિ સાંત છે. કાલથી અનાદિ અનંત છે. ભાવથી અનંત, જ્ઞાન, દર્શન આદિ પર્યાય રૂપ છે, તેથી તેનો અંત નથી. તે જ રીતે (૩) સિદ્ધિ અને (૪) સિદ્ધ પણ દ્રવ્ય અને ક્ષેત્રથી સાદિ સાંત છે, કાલ અને ભાવથી અનંત છે.

**પ્રશ્ન** : કયા મરણથી મૃત્યુ પામતો જીવ સંસાર વધારે છે અને કયા મરણથી મૃત્યુ પામતો જીવ સંસાર ઘટાડે છે ?

**ઉત્તર** : મૃત્યુના બે પ્રકાર છે (૧) બાલમરણ અને પંડિતમરણ. કષાયાદિના આવેશમાં આવીને આપઘાત કરવો અથવા પરવશપણે મૃત્યુનો સ્વીકાર કરવો, તે બાલમરણ છે. બાલમરણે મૃત્યુ પામતો જીવ વેર-ઝેરની તથા આસકિતની પરંપરાથી સંસાર પરિભ્રમણ વધારે છે. સમાધિભાવે સ્વેચ્છાથી શરીરનો ત્યાગ કરવો, સ્વેચ્છાથી મૃત્યુનો સ્વીકાર કરવો, તે પંડિતમરણ છે. પંડિતમરણે મૃત્યુ પામતા જીવની વેર-ઝેરની કે આસકિતની પરંપરા તૂટી જવાથી તે જીવ સંસાર પરિભ્રમણને સીમિત કરે છે.

પ્રશ્નના સંતોષકારક ઉત્તર સાંભળીને સ્કંદક પરિવ્રાજકનું હૃદય પરિવર્તન પામ્યું. તેણે પરિવ્રાજકપણું છોડીને જૈનધર્મનો સ્વીકાર કર્યો. પ્રભુના સાંનિધ્યમાં સંયમ-તપનું પાલન કરીને અંત સમયે આરાધનાપૂર્વક સમાધિમરણને પામી બારમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યજન્મ ધારણ કરી સર્વ કર્મનો ક્ષય કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

## શતક-૨/૫

**તુંગિયાનગરીના શ્રાવકો :** ભગવાન મહાવીરના સમયે તુંગિયા નામની નગરીમાં અનેક સમૃદ્ધ શ્રમણોપાસકો રહેતા હતા. તેઓ ગૃહસ્થ જીવનનો વ્યવહાર ચલાવવાની સાથે ધર્મ પુરુષાર્થને પ્રાધાન્ય આપતા હતા. સંસારના ભોગ વિલાસની સંપૂર્ણ અનુકૂળતા હોવા છતાં યશાશકય ત્યાગ માર્ગનો સ્વીકાર કરતા હતા. તેમના જીવનમાં ધર્મ અને કર્મની અતૂટ શ્રદ્ધા હતી. જીવાદિ તત્ત્વોનું તથા આત્મદ્રવ્યનું યથાર્થ જ્ઞાન હતું. તેઓ સ્વધર્મ પાલનમાં અપ્રમત્ત હોવાની સાથે જગજ્જીવો સાથે કરૂણાશીલ હતા. તેમનો સમગ્ર વ્યવહાર પરોપકાર પરાયણ હતો.

તેઓ વારંવાર સંત સમાગમ કરી પોતાના જ્ઞાનને નિર્મળ બનાવતા હતા. એકદા પાર્શ્વનાથ પ્રભુના સ્થવિર મુનિઓ પાસે જઈને તેઓએ કેટલાક પ્રશ્નો પૂછયા–

**પ્રશ્ન** : સંયમ અને તપનું ફળ શું છે ? **ઉત્તર** : સંયમથી આવતા કર્મો રોકાય જાય છે. આશ્રવનો નિરોધ થાય છે અને તપથી કર્મોનો વિશેષરૂપે નાશ થાય છે.

**પ્રશ્ન** : સંયમ અને તપથી કર્મનો નાશ થઈ જાય, તો જીવ કયા કારણે દેવલોકમાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર** : વીતરાગદશાની પ્રાપ્તિ પૂર્વે જે સંયમનું કે તપનું પાલન થાય છે તે ૧) સરાગ સંયમથી ૨) સરાગ તપથી ૩) શુભ કર્મોનો પુંજ શેષ રહેવાથી અને ૪) રાગભાવથી જીવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન** : સાધુ સંતોની સેવા કરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે ? **ઉત્તર** : સંતોની સેવાથી ધર્મશ્રવણનો મહાન લાભ થાય છે, ધર્મશ્રવણથી જ્ઞાન, જ્ઞાનથી વિજ્ઞાન, વિજ્ઞાનથી પાપપ્રવૃત્તિના ત્યાગ રૂપ પચ્ચક્ખાણ, પચ્ચક્ખાણથી સંયમ, સંયમથી આશ્રવનિરોધ, આશ્રવનિરોધથી તપ, તપથી કર્મનો નાશ અને કર્મનાશ થવાથી જીવ અક્રિય અવસ્થાને પ્રાપ્ત થઈને સિદ્ધગતિને પામે છે. આ રીતે સંતોની સેવાનું ફળ પરંપરાએ સિદ્ધગતિની પ્રાપ્તિ છે.

## શતક–૩/૧

**ઈશાનેન્દ્રનો પૂર્વભવ : તામલી તાપસ** – જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં તામ્રલિપ્તી નગરીમાં તામલી નામના મૌયવંશના ગાથાપતિ હતા. પૂર્વકૃત પૂણ્યયોગે અનુકૂળ સંયોગોમાં તેને વિચાર આવ્યો કે આ જીવનમાં પરમાર્થના કાર્ય થાય તો જ જીવનની સફળતા છે, તે વિચારને આચરણમાં મૂકી, તેણે મોટા પુત્રને કૌટુંબિક જવાબદારી સોંપીને 'પ્રાણામા' નામની પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો. આ પ્રકારની પ્રવ્રજ્યામાં રાજા, રંક, પશુ, પક્ષી જે કોઈ દ્રષ્ટિગોચર થાય તેને પ્રણામ કરવાની પદ્ધતિ હોય છે. પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો, તે જ દિવસથી યાવજ્જીવન છઠના પારણે છઠ અને પારણામાં રાંધેલા ભાત ૨૧ વાર ધોઈને વાપરવાનો સંકલ્પ કર્યો. તામલી તાપસ શુદ્ધ ભાવે સાધના કરી રહ્યા હતા. તે સમયે અધોલોકમાં દેવોની ચમરચંચા રાજધાનીમાં ઈન્દ્રનો વિરહ હતો. ત્યાંના દેવ–દેવીઓએ તામલી તાપસ પાસે આવીને પોતાના ઈન્દ્ર બનવાનું નિયાણુ કરવા માટે વિનંતી કરી પરંતુ તામલી તાપસ કોઈપણ પ્રકારની સ્પૃહા વિના તપસાધનામાં લીન હતા. ૬૦,૦૦૦ વર્ષ

સુધી તાપસપણે રહીને સાધના કરી અંતે બે માસનો સંથારો કરીને મૃત્યુને પામ્યા. દીર્ઘકાલ સુધી બાલતપનું આચરણ કરવાથી તામલી તાપસ ઉર્ધ્વલોકમાં બીજા દેવલોકના ઈન્દ્ર અર્થાત્ ઈશાનેન્દ્રરૂપે ઉત્પન્ન થયા.

ચમરચંચા રાજધાનીના દેવોએ પોતાના જ્ઞાનથી તામલી તાપસને ઈશાનેન્દ્રરૂપે ઉત્પન્ન થયેલા જોયા, ત્યારે તેઓ અત્યંત ક્રોધિત થયા અને તામલી તાપસના મૃતદેહને રસ્સીથી બાંધી; તેના પર થૂંકી ચારે બાજુ ઘસડવા લાગ્યા. આ સર્વ પ્રક્રિયા ઈશાનેન્દ્રે પણ અવધિજ્ઞાનથી જોઈ. તે અત્યંત કુદ્ધ બન્યા. તેણે તુરંત જ પોતાની તેજોલબ્ધિના પ્રભાવે ચમરચંચાને તપ્ત કરી નાંખી. ત્યાંના દેવ-દેવીઓ આકૂળ-વ્યાકૂળ થઈ ગયા. અંતે સહુએ ઈશાનેન્દ્રની ક્ષમાયાચના કરી ત્યારપછી ઈશાનેન્દ્રે પોતાના લબ્ધિપ્રયોગને પાછો ખેંચી લીધો. સહુ યથાસ્થાને શાંતિ સમાધિથી રહેવા લાગ્યા. ઈશાનેન્દ્ર પોતાના દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યજન્મ ધારણ કરીને સિદ્ધ થશે.

આ રીતે આ ચરિત્ર કર્મના સિધ્ધાંતને, નિયાણા-સ્પૃહા કે આકાંક્ષારહિત કરેલી તપસાધનાના મહાન ફળને પ્રદર્શિત કરે છે તે જ રીતે ક્રોધના કારણ

તથા ક્રોધના દુષ્પરિણામને પ્રગટ કરીને સાધકને ક્રોધને ઉપશાંત કરવાનો સંદેશ આપે છે.

## શતક–૩/૨

**ચમરેન્દ્રનો પૂર્વભવ : પૂરણ તાપસ** – જંબૂદ્વીપના બેભેલ સંન્નિવેશમાં પૂરણ નામના ગાથાપતિએ દાનામા પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો હતો. તેઓ નિરંતર આતાપનાપૂર્વક છઠ– છઠની તપસ્યા કરતા. પારણાના દિવસે ચાર ખંડવાળા કાષ્ટપાત્રમાંથી ત્રણ ખંડમાં પ્રાપ્ત થયેલી ભિક્ષા ક્રમશઃ પથિકોને, કાગડા–કૂતરાને, મચ્છ–કચ્છને દાનમાં આપી ચોથા ખંડમાં પ્રાપ્ત થયેલી ભિક્ષાનો જ સ્વયં ઉપયોગ કરતા.

આ રીતે બાર વર્ષની તાપસ પર્યાયનું પાલન કરીને, મૃત્યુ પામીને અધોલોકમાં ચરમેન્દ્ર તરીકે ઉત્પન્ન થયા. ત્યારપછી અવધિજ્ઞાન દ્વારા ઊર્ધ્વલોકમાં પહેલા સૌધર્મ દેવલોકમાં સિંહાસન પર બેઠેલા શકેન્દ્રને જોયા. મારી ઉપર બેસીને મારાથી વિશેષ ઋદ્ધિ ભોગવનાર આ કોણ છે ? આવા સંકુચિત વિચારથી ઈર્ષ્યાનો ભાવ પ્રગટ થયો અને ગમે તેમ કરીને શકેન્દ્રને અપમાનિત કરવાનો નિર્ણય કર્યો.

ચમરેન્દ્રે ઊર્ધ્વલોક સુધી પહોંચવા માટે પ્રભુ મહાવીરનો આશ્રય સ્વીકાર્યો. પોતાના પરિઘ નામના શસ્ત્રને લઈને, એક લાખ યોજનનું ઉત્તર વૈક્રિય વિકરાળ શરીર બનાવી, ક્રોધથી ધમધમતા, સિંહનાદ કરતાં સૌધર્મ દેવલોકમાં ગયો. ત્યાં જઈને અપશબ્દોથી શક્રેન્દ્રને અપમાનિત કરવા લાગ્યો. અધોલોકના દેવો ઊર્ધ્વલોકમાં જઈને તે ઉચ્ચકોટિના દેવોને અપમાનિત કરે કે ઉત્પાત મચાવે તે અનંતકાળે થયેલી આશ્ચર્યકારક ઘટના હતી, ચમરેન્દ્રના કોપથી શક્રેન્દ્રનો અહંકાર પણ ઘવાયો હતો, તેથી તેણે પણ ક્રોધની સામે ક્રોધ કર્યો. ચમરેન્દ્રના વધ માટે તેણે પોતાના વજ્રનો પ્રહાર કર્યો. વજ્ર સામે આવતું જોઈને ચમરેન્દ્ર અત્યંત ભયભીત બની તીવ્ર ગતિથી ભાગીને પ્રભુના શરણમાં કુંથવાનું રૂપ ધારણ કરીને બેસી ગયો.

ચમરેન્દ્ર પ્રભુના શરણમાં છે, તે શક્રેન્દ્રે જ્ઞાન દ્વારા જાણ્યું, પ્રભુ પ્રત્યેની ભકિતના કારણે શક્રેન્દ્ર વજ્ર પાછું ખેંચવા દોડયા. પ્રભુથી ચાર જ અંગુલ દૂર રહેલા વજ્રને શક્રેન્દ્રે પકડી લીધુ. પ્રભુની ક્ષમાયાચના કરી અને ચમરેન્દ્રને અભયદાન આપ્યું. ચમરેન્દ્રે પણ પોતાના સામાનિક દેવો સમક્ષ ભગવદ્શરણની મહત્તા પ્રદર્શિત

કરી અને શક્રેન્દ્રની ક્ષમાયાચના કરી.

સંક્ષેપમાં ઈર્ષ્યા અને અહંકારમાં અંધ બનેલા કોઈ પણ ગતિના જીવો ક્રૂર કર્મો કરે છે અને ભગવાનના શરણમાં રહેલા પાપી કે પુણ્યશાળી, સદોષ કે નિર્દોષ સર્વ જીવો અભયને પામે છે, તેથી જ આ લોકમાં ભગવદ્શરણ જ સર્વ પ્રકારની નિશ્ચિંતતા પ્રાપ્ત કરાવે છે.

## શતક–૩/૩

**કર્મબંધનું કારણ ક્રિયા :** જેના દ્વારા કર્મબંધ થાય છે તે ક્રિયા છે. તે શારીરિક, વાચિક અથવા માનસિક આ ત્રણે પ્રકારની હોય છે. જયાં સુધી જીવ સૂક્ષ્મ કે સ્થૂલ ક્રિયા કરે છે ત્યાં સુધી તેને કર્મબંધ થાય છે અને કર્મબંધથી સંસારપરિભ્રમણ અને શુભાશુભ વેદન થાય છે.

## શતક–૩/૭

**લોકપાલ દેવો :** દરેક ઈન્દ્રને પોતાની કાર્યવાહી માટે ચાર લોકપાલ દેવ હોય છે. શક્રેન્દ્રના ચાર લોકપાલ છે. સોમ, યમ, વરુણ અને વૈશ્રમણદેવ.

**સોમદેવ :** આ લોકમાં થતાં ઉલ્કાપાત, દિગ્દાહ, ઝાકળ સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ, ઈન્દ્રધનુષ, ગ્રામદાહાદિ, ધનક્ષય,

કુલક્ષય આદિ સોમ લોકપાલની જાણકારીમાં હોય છે.

**યમદેવ :** યુદ્ધ, કલહ, સંગ્રામ, મહામારી આદિ વિવિધ રોગ, યક્ષ-ભૂત આદિના ઉપદ્રવ વગેરે કાર્યો યમદેવની જાણકારીમાં હોય છે.

**વરુણદેવ :** અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, સુકાળ, દુષ્કાળ, ઝરણા, તળાવ આદિ જલ સંબંધી સર્વ કાર્યો વરુણદેવથી પરિચિત હોય છે.

**વૈશ્રમણ-કુબેરદેવ :** સોના-ચાંદીની ખાણ, દાટેલું ધન, નધણિયાતું ધન, ધનવૃષ્ટિ, પર્વતમાં આદિ કોઈપણ સ્થાનમાં છૂપાવેલું ધન, સુગંધી પદાર્થો, વસ્ત્ર, ભોજન, આદિ કાર્યો વૈશ્રમણ દેવને આધીન હોય છે.

આ રીતે દરેક લોકપાલદેવ પોત-પોતાની ક્ષેત્રમર્યાદામાં પોતાનું કાર્ય સ્વતંત્ર રીતે કરે છે.

## શતક-૪/૯

**નૈરયિકની નરકમાં ઉત્પતિ :** વ્યવહારનયથી અપેક્ષાએ મનુષ્ય કે તિર્યંચ મરીને નરકમાં જાય છે. પરંતુ મનુષ્ય કે તિર્યંચ મરીને નરકમાં જાય, ત્યારે તેના મનુષ્ય કે તિર્યંચના આયુષ્યનો ઉદય પૂર્ણ થઈ જાય છે અને તે જીવને નરકમાં ઉત્પન્ન થવાનાં સમયે નરકાયુષ્યનો ઉદય

હોય છે. તેથી વાસ્તવિક રીતે નૈરયિક જ નરકમાં ઉત્પન્ન થાય છે. તે રીતે ૨૪ દંડકના જીવમાં સમજવું.

## શતક–૫/૩

**આયુષ્યબંધ અને વેદન :** કોઈપણ જીવ પોતાના આત્મપરિણામો અનુસાર પરભવમાં ઉત્પન્ન થવા યોગ્ય આયુષ્યકર્મનો બંધ આ ભવમાં કરે છે. આ ભવમાં બાંધેલા આયુષ્ય કર્મને સાથે લઈને જીવ પરભવમાં જાય છે. જીવ આ ભવના આયુષ્યનું વેદન કરે છે અને પરભવનું આયુષ્ય બંધાઈ જાય પછી તેને પરભવના આયુષ્યની સત્તા હોય છે. આ રીતે આ ભવના આયુષ્યનું વેદન અને પછીના ભવના આયુષ્યની સત્તા એક સાથે હોય છે પરંતુ બે ભવના આયુષ્યનું વેદન એક સાથે થતું નથી. અન્ય કર્મોની પરંપરા ભવોભવ સુધીની હોય છે, તે રીતે જીવ એકથી અધિક ભવનું આયુષ્ય એક સાથે બાંધતા નથી. જીવ ક્રમશઃ એક એક ભવનું આયુષ્ય બાંધે છે અને એક જ ભવના આયુષ્યનું વેદન કરે છે.

## શતક–૫/૪

**છદ્મસ્થ અને કેવળીની શબ્દશ્રવણ શકિત :** છદ્મસ્થ જીવની ઈન્દ્રિયશક્તિ સીમિત છે, તેથી તે ઈન્દ્રિયની

સીમામાં રહેલા, કાન સાથે સ્પર્શ થાય તે જ શબ્દોને સાંભળી શકે છે. કેવળી પાસે અતીન્દ્રિય, નિરાવરણ અનંત કેવળજ્ઞાન છે. તેના જ્ઞાનની કોઈ સીમા કે મર્યાદા નથી, તેથી તે દૂર કે નજીક રહેલા કોઈપણ શબ્દોને સાંભળે છે.

**હાસ્ય, નિદ્રાદિથી કર્મબંધ :** હાસ્ય, ઉત્સુકતા, ખુશી, નાખુશી આદિ મોહનીય કર્મજન્ય ચેષ્ટાઓ છે. જ્યાં સુધી મોહનીયકર્મનો નાશ ન થાય, વીતરાગ અવસ્થા પ્રગટ ન થાય, ત્યાં સુધી સમસ્ત સંસારી જીવોને હાસ્યાદિ ભાવો પ્રગટ કે અપ્રગટ રૂપે હોય છે. હાસ્ય આદિ ચેષ્ટાથી જીવ આઠ કર્મ બાંધે છે.

નિદ્રા દર્શનાવરણીયકર્મનો ઉદય છે, તે પણ સમસ્ત સંસારી જીવોને હોય છે, કેવળી ભગવાનને મોહનનીય કે દર્શનાવરણીય કર્મ ન હોવાથી હાસ્ય, ઉત્સુકતા કે નિદ્રાદિ ચેષ્ટાઓ હોતી નથી.

**અતિમુક્તકકુમાર શ્રમણની બાલક્રીડા :** અતિમુક્તક નામના બાલસાધુ પ્રભુના અંતેવાસી શિષ્ય હતા. એકદા તે બાલ સાધુ વરસાદ વરસ્યા પછી ઝોળીમાં પાત્ર લઈને સ્થવિર મુનિઓની સાથે સ્થંડિલભૂમિમાં ગયા. ત્યાં વહેતા પાણીમાં પોતાના પાત્રને તરાવતાં 'મારી નાવ તરે, નાવ

તરે' તેમ બોલતાં બાલક્રીડાથી આનંદ પામવા લાગ્યા. બાલસાધુની તથાપ્રકારની સાધુપણામાં અશોભનીય ચેષ્ટાઓ જોઈને સ્થવિર મુનિઓ પરસ્પર નિંદા કરવા લાગ્યા. સ્થવિરમુનિઓ પ્રભુ પાસે ગયા. પ્રભુએ સહુની મનની વાત જાણીને તેનું સમાધાન કર્યું કે,

પ્રત્યેક વ્યકિત કર્મને આધીન છે, તે બાળક હોય કે વૃદ્ધ હોય, સાધુ હોય કે સંસારી હોય પરંતુ જયાં સુધી તે વીતરાગ ન થાય, ત્યાં સુધી તેનામાં ભૂલ થવાની સંભાવના છે. કોઈપણ વ્યકિતમાં દોષદર્શન કરવું, તે સમ્યગદષ્ટિનું લક્ષણ નથી. તેથી કોઈ બાલ સાધુની નિંદા ન કરો. આ બાલસાધુને સંયમપાલનમાં સહાયક બનો. આ તદ્ભવમોક્ષગામી ચરમશરીરી જીવ છે.

આ રીતે પ્રભુએ અતિમુક્તકકુમારશ્રમણના એક પ્રસંગથી દોષયુકત વ્યકિતને દોષમુકત કરવાનો મનોવૈજ્ઞાનિક ઉપાય પ્રદર્શિત કર્યો છે.

**દેવોની મનોલબ્ધિ :** દેવોને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન, આ ત્રણ જ્ઞાન હોય છે તે ઉપરાંત કેટલાક ઉચ્ચકોટિના સમ્યગદષ્ટિ દેવો પાસે મનોલબ્ધિ હોય છે. તે દેવો પોતાના સ્થાન પર રહીને જ કેવળી ભગવાન સાથે વાર્તાલાપ કરે છે. પ્રભુને મનથી પ્રશ્નો પૂછે, પ્રભુ

તેનો મનથી જવાબ આપે, તે અર્થને મનોલબ્ધિ દ્વારા દેવો જાણી શકે છે.

## શતક-૫/૬

**અલ્પાયુ, દીર્ઘાયુબંધના કારણ :** (૧) જીવ હિંસાથી (૨) અસત્ય ભાષણ કે અસત્ય આચરણથી અને (૩) સાધુ-સાધ્વીને તેના નિયમ વિરૂદ્ધ આહાર-પાણી આપવાથી જીવ અલ્પાયુ કર્મ બાંધે છે. (૧) અહિંસાનું પાલન કરવાથી (૨) સત્ય આચરણથી અને (૩) સાધુ-સાધ્વીને સુયોગ્ય અને નિર્દોષ આહાર-પાણી આપવાથી જીવ દીર્ઘાયુ કર્મ બાંધે છે.

જીવહિંસાદિ પાપપ્રવૃત્તિનું સેવન કરવાથી અને સાધુ-સાધ્વીની હિલના, નિંદા, ખિંસના કે અવહેલના કરવાથી જીવ અશુભ દીર્ઘાયુ બાંધે છે.

હિંસાદિ પાપપ્રવૃત્તિનો ત્યાગ કરવાથી અને સાધુ-સાધ્વીની સેવા ભકિત કરવાથી કે તેમને સંયમ પાલનમાં સહાયક બનવાથી જીવ શુભ દીર્ઘાયુ બાંધે છે.

**ક્રિયા અને કર્મબંધની પરંપરા :** વર્તમાનભવમાં જીવ પાસે જે શરીર તથા સાધન સંપત્તિ છે તેના દ્વારા જે શુભાશુભ પ્રવૃત્તિ થાય, તજજન્ય ક્રિયા અને કર્મબંધ

જીવને થાય જ છે, પરંતુ જીવ આ શરીર અને સાધન સામગ્રીને છોડીને પરભવમાં જાય પછી પણ વર્તમાનકાલીન શરીરના પુદ્ગલોથી જે પાપની પ્રવૃત્તિ થાય, તેની પરંપરા પણ જીવને લાગે છે.

જે જીવોના શરીરના પુદ્ગલોથી ધનુષ્યાદિ શસ્ત્ર, અસ્ત્ર આદિ બને, તે શસ્ત્ર દ્વારા જીવોનો ઘાત થાય, ત્યારે તે જીવોને હિંસાજન્ય ક્રિયા અને કર્મબંધ થાય છે આ રીતે ક્રિયાથી કર્મબંધની પરંપરા ચાલ્યા જ કરે છે.

આયુષ્ય પૂર્ણ થતાં જીવનું શરીર કે બાહ્ય સાધનો છૂટે છે પરંતુ તેના પ્રતિ મમત્વભાવ છૂટયો ન હોવાથી ક્રિયાની પરંપરા ચાલે છે. જયારે જીવ સ્વેચ્છાથી શરીરના કે સાધનના માલિકીભાવનો ત્યાગ કરે અર્થાત્ આ ભવની જાગૃત અવસ્થામાં જ શરીર કે સાધન સંપત્તિને સ્વેચ્છાથી વોસિરાવી દે, મમત્વભાવનો ત્યાગ કરે, ત્યારપછી તેની રાવી આવતી નથી અર્થાત્ તજજન્ય ક્રિયા કે કર્મબંધ થતાં નથી.

## શતક–૫/૭

**પરમાણુ આદિ પુદ્ગલસ્કંધ :** પુદ્ગલ દ્રવ્યના

અવિભાજ્ય અંશને પરમાણુ કહે છે. વૈજ્ઞાનિકો જેને અણુ કહે છે, તેમાં તેઓ પ્રોટોન, ન્યુટ્રોન અને ઈલેકટ્રોન આ ત્રણ અંશને માને છે. આ ત્રણ અંશમાં ગતિશીલતા છે. તેનાથી ઊંડાણમાં વૈજ્ઞાનિકો જઈ શકયા નથી. વૈજ્ઞાનિકોએ સ્વીકારેલો અણુ જૈનદર્શનાનુસાર અનંતાનંત પરમાણુનો પિંડ છે. જૈનદર્શનનો પરમાણુ અત્યંત સૂક્ષ્મતમ અને કોઈપણ સૂક્ષ્મદર્શક યંત્રથી અગ્રાહ્ય છે. તેમાં એક વર્ણ, એક ગંધ, એક રસ અને કોઈપણ બે સ્પર્શ હોય છે. તે અત્યંત સૂક્ષ્મ હોવાથી ચક્ષુગ્રાહ્ય નથી. તે અત્યંત સૂક્ષ્મ હોવાથી આ જગતના કોઈપણ શસ્ત્રથી તેનું છેદન, ભેદન, દહન આદિ થતું નથી. તે અવિભાજય હોવાથી તેના બે ભાગ થતાં નથી, તેથી તે અનર્ધ, અમધ્ય અને અપ્રદેશી હોય છે.

બે પરમાણુ ભેગા થાય, ત્યારે દ્વિપ્રદેશી સ્કંધ; ત્રણ પરમાણુ ભેગા થાય, ત્યારે ત્રિપ્રદેશી સ્કંધ; તે જ રીતે અનંત પરમાણુ ભેગા થાય, ત્યારે અનંતપ્રદેશી સ્કંધ બને છે. અનંતપ્રદેશી સૂક્ષ્મ સ્કંધમાં પણ છેદન-ભેદન આદિ થતું નથી. અનંત પ્રદેશી બાદર સ્કંધમાં જ છેદન-ભેદન આદિ થાય છે. સ્કંધમાં બે વિભાગ આદિ થાય છે, તેથી દ્વિપ્રદેશી, ચતુષ્પ્રદેશી આદિ સમસંખ્યક

સ્કંધ સાર્ધ, અમધ્ય અને સપ્રદેશી છે, ત્રિપ્રદેશી, પંચપ્રદેશી આદિ વિષમ સંખ્યક સ્કંધ અનર્ધ, સમધ્ય અને સપ્રદેશી હોય છે.

એક પરમાણુ એક આકાશ પ્રદેશ પર રહે છે. દ્વિપ્રદેશી સ્કંધ એક અથવા બે આકાશપ્રદેશ પર રહે છે. આ રીતે અનંતપ્રદેશી સ્કંધ પણ એક અથવા અસંખ્યાત આકાશપ્રદેશ પર રહી શકે છે. તેની વિવિધ અવસ્થાઓ પરમાણુ અને સ્કંધનું સ્વરૂપ તેના ગુણધર્મો, તેના કાર્ય વગેરે વિષયોની ગહનતમ વિચારણા ભગવતીસૂત્રમાં અનેક સ્થાને જોવા મળે છે.

## શતક–૫/૮

**જીવોની હાનિ–વૃદ્ધિ અને અવસ્થિતિ :** જીવ દ્રવ્ય અનાદિ અનંત ત્રિકાલાબાધિત શાશ્વત દ્રવ્ય છે. તેની ઉત્પત્તિ કે નાશ થતો નથી, તેથી તેની સંખ્યામાં કદાપિ હાનિ કે વૃદ્ધિ થતી નથી. અનંત કાળે એક પણ જીવ વધતો નથી કે ઘટતો નથી. જીવની અવસ્થાઓ સતત પરિવર્તનશીલ હોવાથી તેમાં હાનિવૃદ્ધિ થયા કરે છે. તેથી જ નારકી આદિ ૨૪ દંડકના જીવોની સંખ્યામાં વધઘટ થાય છે અને કયારેક કેટલાક સમય સુધી તે સંખ્યા

પૂર્વવત્ પણ રહે છે.

## શતક–૫/૯

**પ્રકાશ–અંધકાર** : મનુષ્યક્ષેત્રમાં સૂર્યકિરણોના પરિણમનથી દિવસે પ્રકાશ અને રાત્રે અંધકાર હોય છે. પાંચ સ્થાવર બેઈન્દ્રિય, તેઈન્દ્રિય જીવોને આંખ ન હોવાથી તેના માટે સદાય અંધકાર હોય છે. ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોને સૂર્યપ્રકાશના સદ્ભાવમાં પ્રકાશ અને સૂર્યપ્રકાશના અભાવમાં અંધકાર હોય છે. દેવલોકમાં ચંદ્ર–સૂર્યનો પ્રકાશ નથી પરંતુ દેવલોકનો, દેવોનાં શરીરનો તથા તેના રત્નાદિક અલંકારનો પ્રકાશ હોય છે.

સમસ્ત લોકમાં, તિરછા લોકના અસંખ્યાત દ્વીપ- સમુદ્રોમાંથી અઢી દ્વીપ–મનુષ્યક્ષેત્રમાં જ સૂર્યના પરિભ્રમણથી દિવસ–રાત, પક્ષ, માસ, વર્ષ આદિ ગણનાકાલ સંભવે છે અને ૨૪ દંડકના સમસ્ત સંસારી જીવોમાંથી મનુષ્યોને જ સમયગણનાનું જ્ઞાન હોય છે.

## શતક–૬/૩

**જીવ અને કર્મબંધ** : જે રીતે ખાણમાં પડેલું સોનુ અનાદિ કાલથી માટીથી મિશ્રિત છે, પરંતુ તે સોનુ રાસાયણિક પ્રક્રિયાથી શુદ્ધ થાય પછી ફરી મલિન થતું

નથી. તે રીતે સ્વભાવથી સ્ફટિક જેવો નિર્મળ અને શુદ્ધ આત્મા અનાદિકાલથી કર્મના સંગે મલિન થયેલો છે. જીવ અને કર્મનો સંબંધ અનાદિકાલીન છે. વર્તમાનમાં પણ પ્રત્યેક જીવની કષાય અને યોગની પ્રવૃત્તિથી નિરંતર કર્મબંધ થયા કરે છે. જીવોનો કર્મબંધ જીવના વિપરીત પુરુષાર્થથી જ થાય છે, સ્વાભાવિક રીતે થતો નથી. જીવોના પરિણામોની અને યૌગિક પ્રવૃત્તિની તરતમતાના કારણે પ્રત્યેક જીવોના કર્મબંધમાં તરમતતા થાય છે.

જેમ મસોતા જેવું મલિન વસ્ત્ર પ્રયત્નપૂર્વક સાફ કરવાથી સ્વચ્છ થઈ જાય છે તેમ કર્મબંધના કારણોનો ત્યાગ કરીને સંયમ - તપ રૂપ પુરુષાર્થથી કર્મોની મલિનતા દૂર થાય છે અને આત્મા સ્વચ્છ અને શુદ્ધ બની જાય છે.

આ રીતે જીવ અને કર્મનો સબંધ પરંપરાની અપેક્ષાએ અનાદિકાલીન હોવા છતાં તેનો અંત થઈ શકે છે, તેથી કેટલાક જીવોના કર્મો અનાદિ સાંત છે. અભવી જીવો કર્મોનો સંપૂર્ણ નાશ કરી શકતા નથી, તે જીવોના કર્મો અનાદિ અનંત છે. કેટલાક ચોકકસ કર્મોની અપેક્ષાએ કેટલાક કર્મો સાદિ સાન્ત હોય છે. વીતરાગ અવસ્થામાં બંધાતા કર્મો સાદિ સાન્ત હોય છે.

અનંત સંસારી જીવોમાં કર્મબંધ સંબંધી વિવિધતા હોય છે.

## શતક–૬/૫

**તમસ્કાય :** તે પાણીનું એક વિશેષ પ્રકારનું પરિણમન છે. તે ધુમ્મસથી પણ અત્યંત પ્રગાઢ છે, તે સઘન અંધકારરૂપ છે. તેનું નામ જલની મુખ્યતાથી નહી પરંતુ અંધકારની મુખ્યતાથી છે.

અસંખ્યાત સમુદ્રોમાંથી અરૂણોદક નામના સમુદ્રમાંથી વલયાકારે પાણીનો પ્રવાહ સમભિત્તિ રૂપ ઉપર ઉઠેલો છે. તે હજારો યોજન ઉપર ગયા પછી તિરછી વિસ્તૃત થાય છે. તે ઊર્ધ્વલોકમાં પાંચમા દેવલોક સુધી ઉપર ગયો છે. તેનો આકાર નીચે સુરાઈના મુખાકાર જેવો અને ઉપર પિંજરા જેવો છે. તે પાણી અસંખ્યાત યોજન વિસ્તૃત અને અત્યંત સઘનરૂપ હોવાથી અંધકારરૂપ પ્રતીત થાય છે. તે ક્ષેત્રમાંથી દેવોને પસાર થવું હોય, તો તે પણ ભ્રાન્ત થઈ જાય છે. વૈજ્ઞાનિકોનું બ્લેકહોલનું સ્વરૂપ તમસ્કાય સાથે સામ્યતા ધરાવે છે.

## શતક–૭/૨

**પચ્ચક્ખાણ :** પાપકારી પ્રવૃત્તિના ત્યાગને અથવા તેની

પ્રતિજ્ઞાને પચ્ચક્ખાણ કે પ્રત્યાખાન કહે છે. સમ્યગ્જ્ઞાન પૂર્વક થયેલો ત્યાગ સુપ્રત્યાખ્યાન અને અજ્ઞાનપણે થયેલો ત્યાગ દુષ્પ્રત્યાખ્યાન કહેવાય છે. તેના બે ભેદ છે. મૂળ ગુણ પ્રત્યાખાન અને ઉત્તરગુણ પ્રત્યાખાન.

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ વ્રત માટેના પચ્ચક્ખાણ મૂળગુણ પચ્ચક્ખાણ છે. મૂળગુણની પુષ્ટિ માટે અન્ય જે પચ્ચક્ખાણ થાય, તે ઉત્તરગુણ પચ્ચક્ખાણ છે. તેમાં સાધુના પચ્ચક્ખાણ સર્વતઃ મૂળગુણ કે સર્વતઃ ઉત્તરગુણ પચ્ચક્ખાણ છે અને શ્રાવકના પચ્ચક્ખાણ દેશતઃ મૂળ ગુણ કે દેશતઃ ઉત્તરગુણ પચ્ચક્ખાણ છે.

સમસ્ત સંસારી જીવોમાંથી એકમાત્ર મનુષ્ય જ સર્વ પાપપ્રવૃત્તિનો ત્યાગ કરીને પચ્ચક્ખાણનો સ્વીકાર કરી શકે છે. સંજ્ઞી તિર્યંચપંચેન્દ્રિય જીવો આંશિક રૂપે પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરીને દેશતઃ મૂળગુણ કે ઉત્તરગુણ પચ્ચક્ખાણ કરી શકે છે. તે સાધુપણાનો સ્વીકાર કરી શકતા નથી. નારકી, દેવો, એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવો કોઈપણ પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરી શકતા નથી. તેથી ત્યાગમાર્ગ માટે મનુષ્યજન્મની મહત્તા છે.

## શતક-૭/૬

**કર્કશ-અકર્કશ વેદનીયકર્મ** : અત્યંત દુઃખપૂર્વક ભોગવવા યોગ્ય કર્મ કર્કશ વેદનીયકર્મ છે. ક્રૂરતાપૂર્વક અઢાર પાપસ્થાનના સેવનથી જીવ કર્કશ વેદનીયકર્મ બાંધે છે. સ્કંદકાચાર્યના ૫૦૦ શિષ્યોને ઘાણીમાં પીલવામાં આવ્યા ત્યારની વેદના, કેન્સરની ભયાનક વેદના કર્કશ વેદનીયકર્મ છે.

અત્યંક સુખપૂર્વક ભોગવવા યોગ્ય કર્મો અકર્કશ વેદનીયકર્મ છે. સર્વ પાપ પ્રવૃત્તિઓના ત્યાગથી, સંયમ પાલનથી અકર્કશ વેદનીયકર્મનો બંધ થાય છે. ભરત ચક્રવર્તી કે મરુદેવા માતાને અકર્કશ વેદનીયકર્મનો ઉદય હતો, તેથી તેમના જીવનમાં અશાતાનો અનુભવ ન થયો. અકર્કશ વેદનીયકર્મનો બંધ મનુષ્યો જ કરી શકે છે.

## શતક-૭/૯

**મહાશિલાકંટક સંગ્રામ** : આ સંગ્રામ રાજા શ્રેણિકના પુત્ર કોણિક અને તેના નાનાજી ચેટક રાજા વચ્ચે થયો હતો. પિતા તરફથી પ્રાપ્ત થયેલા સેચનક હાથી અને અઢારસરો હાર નાના ભાઈ વિહલ્લ પાસે હતા. તેને મેળવવા કોણિકને ભાઈ સાથે વૈમનસ્ય થયું. વિહલ્લે

પોતાની સુરક્ષા માટે નાનાજી ચેટક રાજાનો આશ્રય લીધો. ચેટક રાજાએ ન્યાયને પ્રાધાન્ય આપી યુદ્ધનો સ્વીકાર કર્યો.

ચેટક રાજાના બાણથી કોણિકના પક્ષે કાલ આદિ દશ કુમારો મૃત્યુ પામ્યા. રાજા કોણિક પોતાની સલામતિ માટે ચિંતાતુર બન્યા. તેણે યુદ્ધ સ્થગિત રાખી, અટ્ઠમ તપની આરાધના કરી, પોતાના પૂર્વભવના મિત્ર શક્રેન્દ્ર અને તાપસ પર્યાયના મિત્ર ચમરેન્દ્રનું સ્મરણ કર્યું. મિત્રતાના સંબંધે બંને ઈન્દ્રો યુદ્ધમાં ઉપસ્થિત થયા.

શક્રેન્દ્રની તથાપ્રકારની વૈક્રિયલબ્ધિથી કોણિકના સૈનિકો તૃણ, પત્ર આદિ કાંઈ પણ ફેંકે, તેનાથી શત્રુસેનાને મહાશિલા પડવાનો અનુભવ થતો, તેથી તે મહાશિલાકંટક સંગ્રામ નામથી પ્રસિદ્ધ થયો. આ સંગ્રામમાં ૮૪ લાખ મનુષ્યોનો સંહાર થયો.

**રથમુસળ સંગ્રામ :** સમરાંગણમાં સારથિ વિના જ એક રથ ચમરેન્દ્રની વૈક્રિય લબ્ધિથી ચાલતો. તેની આગળ એક મુસળ ગોઠવાયેલું હતુ. તે ફરતા ફરતા જનસંહાર કરતું હતું, તેથી તે રથમુસલ સંગ્રામ નામથી પ્રસિદ્ધ થયો. તેમાં ૯૬ લાખ મનુષ્યોનો સંહાર થયો.

આ બંને સંગ્રામમાં ઈન્દ્રની સહાયતાથી કોણિક

રાજાનો વિજય થયો. હાર-હાથી જેવી વસ્તુ માટે એક ક્રોડ એંસી લાખ મનુષ્યો મૃત્યુ પામ્યા. પ્રભુના સમયમાં થયેલો આ ઘોર સંગ્રામ હતો. તેમાંથી એક વરૂણનાગનત્તુઆ નામના શ્રાવક યુદ્ધભૂમિમાં પણ અંતિમ આરાધના કરીને દેવલોકમાં ગયા. તેના મિત્ર 'મિત્રને હોજો તે મુજને હોજો' તેવી આરાધનાની ભાવનાથી મનુષ્યગતિ પામ્યા. શેષ સર્વ જીવો પ્રાયઃ નરક અને તિર્યંચગતિને પામ્યા.

**પુદ્‌ગલ પ્રકાર :** સ્વરૂપની અપેક્ષાએ પુદ્‌ગલના ત્રણ પ્રકાર છે.

**૧) પ્રયોગપરિણત પુદ્‌ગલ** - જીવના પ્રયત્નથી, જીવે ગ્રહણ કરીને પરિણત કરેલા પુદ્‌ગલોને પ્રયોગ પરિણત કહે છે. ભિન્ન ભિન્ન ગતિમાં પરિભ્રમણ કરતાં જીવો વિવિધ શરીરાદિ ધારણ કરે છે. તે જીવો વિવિધ પુદ્‌ગલોને ગ્રહણ કરીને પરિણમાવે છે. તે સર્વ પ્રયોગ પરિણત છે. સંસારી જીવોના ભેદ-પ્રભેદની અપેક્ષાએ તેના અનેક ભેદ થાય છે.

**૨) મિશ્ર પરિણત પુદ્‌ગલ** - જીવ દ્વારા છોડેલા પુદ્‌ગલો જયાં સુધી વિસ્રસા પરિણામને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે મિશ્રપરિણત કહેવાય છે. જેમ કે - મૃત

શરીરાદિ. તેમાં પૂર્વનો જીવનો પ્રયોગ છે. તે મૃત શરીર જીર્ણ-શીર્ણ થઈને વિસ્રસા પરિણત ન થાય ત્યાં સુધી તે મિશ્રપરિણત છે.

૩) **વિસ્રસા પરિણત પુદ્‌ગલ** – જીવના પ્રયત્ન વિના સ્વાભાવિક રૂપે પરિણત થતાં પુદ્‌ગલોને વિસ્રસા પરિણત કહે છે, જેમ કે – મેઘધનુષ આદિ.

## શતક-૮/૨

**આશીવિષ** : જેની દાઢમાં ઝેર હોય તેને આશીવિષ કહે છે. તેના બે ભેદ છે. જાતિ આશીવિષ અને કર્મ આશીવિષ.

વીંછી, દેડકો, સર્પ અને મનુષ્ય, આ ચાર **જાતિ આશીવિષ** છે. તે જીવોની દાઢ આદિમાં જન્મથી જ વિષ હોય છે. તેમાં **વીંછીનું** વિષ અર્ધભરત ક્ષેત્ર પ્રમાણમાં વ્યાપી શકે છે. **દેડકાનું** ભરતક્ષેત્ર પ્રમાણ, **સર્પનું** જંબૂદ્વીપ પ્રમાણ અને **મનુષ્યનું** વિષ અઢીદ્વીપમાં ફેલાઈ શકે છે. આ તેનું સામર્થ્યમાત્ર છે. તથાપ્રકારની લબ્ધિના પ્રયોગથી કોઈને શાપ આપીને તેનો ઘાત કરી શકે. અથવા ત્રાસિત કરી શકે તેવી લબ્ધિ જેની પાસે હોય, તે **કર્મ આશીવિષ** કહેવાય છે. મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવમાં આ લબ્ધિ પ્રગટ થઈ શકે છે.

## શતક-૮/૫

**શ્રાવકના પચ્ચક્ખાણના વિવિધ વિકલ્પો :** શ્રાવકોને ગૃહસ્થ જીવનના વ્યવહારો સાથે વ્રતનું પાલન કરવાનું હોય છે. પ્રત્યેક શ્રાવકોના સંયોગો ભિન્ન ભિન્ન હોય છે. શ્રાવક પોતાની શક્તિ અને સામર્થ્ય અનુસાર વ્રતનો સ્વીકાર કરી શકે છે. તેના વિવિધ વિકલ્પો છે.

કરણ-પાપ કરવાની પદ્ધતિના ત્રણ પ્રકાર છે. (૧) પાપ સ્વયં કરવું, (૨) બીજા પાસે કરાવવું, (૩) પાપની પ્રક્રિયામાં ખુશ થવું. તે કાર્યની અનુમોદના કરવી.

પાપ કરવાના સાધનભૂત યોગના પણ ત્રણ પ્રકાર છે. મનયોગ, વચનયોગ અને કાયયોગ.

કરણ અને યોગના સંયોગથી ૩×૩ પાપ કરવાના નવ વિકલ્પ થાય છે. તેથી પચ્ચક્ખાણના પણ નવ વિકલ્પ કે નવ કોટિ થાય છે.

(૧) કરું નહીં મનથી, (૨) કરું નહીં વચનથી (૩) કરું નહીં કાયાથી (૪) કરાવું નહીં મનથી (૫) કરાવું નહીં વચનથી (૬) કરાવું નહીં કાયાથી (૭) અનુમોદના કરું નહીં મનથી (૮) અનુમોદના કરું નહીં વચનથી (૯) અનુમોદના કરું નહીં કાયાથી. શ્રાવક

આ નવ વિકલ્પમાંથી પોતાની ઈચ્છાનુસાર કોઈપણ વિકલ્પથી વ્રતનો સ્વીકાર કરી શકે છે. તેના ૪૯ ભંગ થાય છે.

પાપપ્રવૃતિના પચ્ચક્ખાણ કરનાર શ્રાવક ભૂતકાલીન પાપની આલોચના અને નિંદા રૂપે પ્રતિક્રમણ કરે છે, વર્તમાનમાં તત્સંબંધી આશ્રવને રોકે છે. આર્થાત સંવર કરે છે અને ભવિષ્યમાં તે પાપપ્રવૃત્તિનો ત્યાગ કરે છે. આ રીતે વ્રતગ્રહણ કરનાર ત્રૈકાલિક શુદ્ધિ કરે છે.

## શતક–૮/૭

**સુપાત્રદાનનું ફળ** – તથારૂપના સંયમ – તપની સાધના કરનાર, સંસારના સમસ્ત સંબંધોનો ત્યાગ કરીને અણગારધર્મનું અર્થાત્ પંચમહાવ્રતનું પાલન કરનાર ગુણસંપન્ન સાધુને નિર્દોષ આહાર–પાણી વહોરાવવાથી તેના સંયમ પાલનમાં તે સહાયક બને છે, તેથી તેને એકાંતે કર્મનિર્જરાનો લાભ થાય છે.

## શતક–૮/૮

**સાંપરાયિક અને ઐર્યાપથિક કર્મ બંધ** – ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયભાવથી જે કર્મબંધ થાય તે સાંપરાયિકબંધ છે. જીવની સકષાયાવસ્થામાં અર્થાત્ એક

થી દશ ગુણસ્થાન સુધી સર્વ સંસારી જીવોને સાંપરાયિકબંધ થાય છે. તે સંસાર પરિભ્રમણનું કારણ છે. કેવળ યોગના નિમિત્તથી થતો બંધ ઐર્યાપથિક બંધ છે. જીવની વીતરાગ અવસ્થામાં અર્થાત્ અગિયારમા, બારમા અને તેરમા ગુણસ્થાને વીતરાગી મનુષ્યોને ઐર્યાપથિકબંધ થાય છે. ચૌદમા ગુણસ્થાને કષાય અને યોગ, કર્મબંધના બંને કારણોનો અભાવ હોવાથી બંધ થતો નથી.

## શતક–૮/૯

**બંધ** – બંધના મુખ્ય બે પ્રકાર છે. વિસ્રસાબંધ અને પ્રયોગબંધ. જીવના પ્રયત્ન વિના સહજ રૂપે જે બંધ થાય તે વિસ્રસાબંધ છે. તેના બે ભેદ છે. અનાદિ વિસ્રસાબંધ અને સાદિ વિસ્રસાબંધ. (૧) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય આ ત્રણે દ્રવ્યોના પ્રદેશો પરસ્પર સ્પર્શીને રહેલા છે. તે અનાદિ વિસ્રસાબંધ છે. (૨) જે બંધ સ્વાભાવિક રૂપે પણ સીમિત કાલ માટે થાય તે સાદિ વિસ્રસાબંધ છે. જેમ કે વાદળા, મેઘધનુષ્ય આદિ.

જીવના પ્રયત્નથી જે બંધ થાય, તે પ્રયોગબંધ

છે. તેના ત્રણ ભેદ છે. (૧) અનાદિ અનંત – આત્માના આઠ રૂચક પ્રદેશોનો બંધ (૨) સાદિ અનંત–સિદ્ધના આત્મપ્રદેશોનો બંધ (૩) સાદિ–સાંત તેના ચાર ભેદ છે. **આલાપનબંધ** – ઘાસના ભારાને રસ્સી આદિથી બાંધવા. **આલીનબંધ**– મીણ, લાખ, ગુંદ આદિ કોઈ પણ ચીકણા પદાર્થોથી બે પદાર્થોને જોડવા. **શરીરબંધ**–સમુદ્ઘાત અવસ્થામાં આત્મપ્રદેશોને આશ્રિત તૈજસ આદિ શરીરપ્રદેશોનો જે બંધ થાય તે. **શરીરપ્રયોગબંધ**–ઔદારિક આદિ પાંચે શરીરના વ્યાપારથી જે બંધ થાય છે, તે શરીરપ્રયોગ બંધ છે. સંસારી જીવોના ભેદ–પ્રભેદની અપેક્ષાએ તેના અનેક ભેદ પ્રભેદ થાય છે.

## શતક–૮/૧૦

**આરાધના** – જ્ઞાન, દર્શન, ચારિત્રનું નિરતિચારરૂપે પાલન કરવું તે ક્રમશઃ જ્ઞાનારાધના, દર્શનારાધના અને ચારિત્રારાધના છે. તે પ્રત્યેકના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ, આ ત્રણ–ત્રણ ભેદ થાય છે.

**જ્ઞાનારાધના** – ૧૪ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કરવું અથવા જ્ઞાનારાધનાની ઉચ્ચતમ તલ્લીનતા તે ઉત્કૃષ્ટ જ્ઞાનારાધના છે. અગિયાર અંગનું જ્ઞાન પ્રાપ્ત કરવું, તે

મધ્યમ જ્ઞાનરાધના છે અને પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિનું જ્ઞાન પ્રાપ્ત કરવું, તે જઘન્ય જ્ઞાનારાધના છે.

**દર્શનારાધના** - ક્ષાયિક સમ્યક્ત્વ અથવા અતૂટ શ્રદ્ધા તે ઉત્કૃષ્ટ, ક્ષાયોપશમિક અથવા ઔપશમિક સમ્યક્ત્વ તે મધ્યમ અને સામાન્ય શ્રદ્ધા તે જઘન્ય દર્શનારાધના છે.

**ચારિત્રારાધના** - યથાખ્યાતચારિત્રનું પાલન અથવા ચારિત્રારાધનાની તીવ્રતમ રૂચિ તે ઉત્કૃષ્ટ; સૂક્ષ્મસંપરાય કે પરિહારવિશુદ્ધ ચારિત્રનું પાલન અથવા ચારિત્ર પાલનની મધ્યમ રૂચિ તે મધ્યમ અને સામાયિક કે છેદોપસ્થાપનીય ચારિત્રનું પાલન અથવા ચારિત્ર પાલનની સામાન્ય રૂચિ જઘન્ય ચારિત્રારાધના છે.

જ્ઞાનાદિની ઉત્કૃષ્ટ આરાધના કરનાર જીવ જઘન્ય તે જ ભવે, ઉત્કૃષ્ટ બીજા ભવે મોક્ષમાં જાય છે. મધ્યમ આરાધના કરનાર જીવ જઘન્ય તે જ ભવે, ઉત્કૃષ્ટ ત્રીજા ભવે મોક્ષમાં જાય છે. જઘન્ય આરાધના કરનાર જઘન્ય ત્રીજે ભવે, ઉત્કૃષ્ટ પંદરમે ભવે મોક્ષમાં જાય છે.

## શતક-૯/૩૩

**ઋષભદત્ત-દેવાનંદા** - પ્રભુ મહાવીરસ્વામીનો આત્મા

તથાપ્રકારના કર્મના સંયોગે ઋષભદત્ત બ્રાહ્મણના ઘેર દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં ૮૨ રાત્રિ રહ્યો. ત્યાર પછી ગર્ભનું સંહરણ થયું અને પ્રભુનો જન્મ સિદ્ધાર્થરાજાને ત્યાં ત્રિશલારાણીની કુક્ષીએ થયો. આ રીતે ઋષભદત બ્રાહ્મણ અને દેવાનંદા પ્રભુના પ્રથમ માતા–પિતા હતા. એકદા તેઓ ભગવાનના દર્શન કરવા આવ્યા. પૂર્વના સ્નેહના કારણે દેવાનંદા પ્રભુને અનિમેષ નયને નીરખવા લાગ્યા. ગૌતમસ્વામીના પૂછવા પર પ્રભુએ સર્વની સમક્ષ પોતાની પૂર્વાવસ્થાનો સંબંધ પ્રગટ કર્યો.

પ્રભુનો ઉપદેશ સાંભળી તે દંપતિએ વૈરાગ્ય ભાવથી વાસિત થઈને સંયમ સ્વીકાર કર્યો અને સ્વાધ્યાય અને તપની સાધનાથી સર્વ કર્મનો નાશ કરી સિદ્ધ થયા.

**જમાલી ચરિત્ર : –** ઈતિહાસકારોના કથનાનુસાર જમાલી પ્રભુ મહાવીર સ્વામીની પુત્રી પ્રિયદર્શનાના પતિ હતા. તે અપાર ધનસંપતિના સ્વામી હતા. આઠ શ્રેષ્ઠ કન્યાઓ સાથે તેના લગ્ન થયા હતા. તે પુણ્યયોગે સર્વ પ્રકારના સુખને ભોગવતા હતા.

એકદા પ્રભુના સમાગમે વૈરાગ્ય રંગે રંગાયા અને પોતાના માતા સમક્ષ સંયમ સ્વીકારની ભાવના પ્રગટ કરી. માતાએ પુત્રમોહના કારણે વિવિધ પ્રકારે

વૈરાગ્યભાવની કસોટી કર્યા પછી સંયમ સ્વીકારની અનુમતિ આપી. અત્યંત ધામધૂમથી અન્ય ૫૦૦ પુરુષો સાથે જમાલીનો દીક્ષા મહોત્સવ થયો.

એકદા પ્રભુના સાંનિધ્યમાં સંયમ-તપનું પાલન કરતાં જમાલીમુનિને સ્વતંત્ર વિચરણ કરવાની ભાવના જાગૃત થઈ. પ્રભુએ ભાવિના અનિષ્ટને જાણીને જમાલીને આજ્ઞા આપી નહીં. પરંતુ પ્રભુ મૌન રહ્યા. જમાલી મૌનને સંમતિ સમજીને સ્વતંત્ર વિચરવા લાગ્યા. સંયમી જીવનની કઠિનાઈ, અરસ-વિરસ આહારથી જમાલીને અસહ્ય દાહજ્વર ઉત્પન્ન થયો.

બિમારીના સમયે એકદા પોતાના શિષ્યોને પથારી પાથરવાનો આદેશ આપ્યો. જમાલીને વેદનાના કારણે સૂવાની આતુરતા હતી. તેણે શિષ્યોને પૂછયું. સંથારો- પથારી પથરાઈ ગઈ છે ? શિષ્યોએ કહ્યું, પથરાઈ રહી છે. જમાલીને તે નિમિત્તથી મિથ્યાત્વનો ઉદય થયો. વિચારધારા વિપરીત થઈ. પ્રભુનો **'ચલમાણે ચલિએ'** નો સિદ્ધાંત પ્રત્યક્ષ વિરુદ્ધ છે. પથરાઈ રહેલી પથારી પથરાયેલી દેખાતી નથી. તેથી પ્રભુના વચન અસત્ય છે. આ રીતે જમાલીને તીર્થંકર અને તીર્થંકરના વચન પ્રતિ અશ્રદ્ધાનો ભાવ જાગૃત થયો.

ત્યાર પછી અનેક શ્રાવકોએ, સાધુઓએ સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ જમાલી પોતાના મિથ્યાગ્રહને છોડી શકયા નહીં. અંતે પોતાના પાપની આલોચના કર્યા વિના જ કાલધર્મ પામીને અત્યંત તુચ્છ જાતિના કિલ્વીષીદેવમાં ઉત્પન્ન થયા.

દેવ, ગુરૂ કે ધર્મની અવહેલના કરનાર કે તેનાથી વિપરીત વર્તન કરનાર જીવ નિમ્નકોટિના દેવની ગતિ અથવા તુચ્છગતિ પામે છે.

## શતક-૧૦/૧

**દશ દિશા :** મધ્યલોકની મધ્યમાં સ્થિત મેરુપર્વતની મધ્યમાં આઠ રૂચક પ્રદેશ છે. તેમાં ચાર પ્રદેશ ઉપરની તરફ અને ચાર પ્રદેશ નીચેની તરફ ગોસ્તનાકારે ગોઠવાયેલા છે. ત્યાંથી દશે દિશાનો પ્રારંભ થાય છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ. આ ચાર દિશાઓ પ્રારંભમાં બે પ્રદેશી છે અને તે ક્રમશઃ બે બે પ્રદેશની વૃદ્ધિ પામતી લોકાંત અને અલોક સુધી જાય છે.

ઈશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય આ ચાર વિદિશાઓ-ખૂણાઓ પ્રારંભથી અંત સુધી એક પ્રદેશી જ છે. ઊર્ધ્વ અને અધોદિશા પ્રારંભથી અંત સુધી ચાર

પ્રદેશી હોય છે. આ રીતે દશે દિશાઓ લોકના એક-એક વિભાગ રૂપ છે.

## શતક-૧૧/૯

**શિવરાજર્ષિ ચરિત્ર :** હસ્તિનાપુર નામના નગરમાં શિવ રાજા, ધારિણીરાણી અને તેને શિવભદ્ર નામનો કુમાર હતો. શિવભદ્રરાજકુમાર યોગ્યવયનો થયો ત્યારે શિવરાજાએ કૌટુંબિક જવાબદારી તેને સોંપીને સ્વયં તાપસપણાની દીક્ષાપ્રોક્ષક પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો. જે પ્રવ્રજ્યામાં દિશાઓનું પૂજન મહત્વનું હોય. તે દિશાપ્રોક્ષક પ્રવ્રજ્યા કહેવાય છે. તેમણે પ્રવ્રજ્યાના સ્વીકારથી જ છઠના પારણે છઠ તપ કરવાનો સંકલ્પ કર્યો. પારણાના દિવસે દિક્ચક્રવાલતપના ક્રમાનુસાર ક્રમશઃ એક એક દિશાનું પૂજન કરીને તે દિશાના અધિપતિ દેવની આજ્ઞાપૂર્વક તે તે દિશામાંથી કંદમૂળાદિ ગ્રહણ કરી, તેનો આહાર કરતા. દીર્ઘ તપસાધનાથી શિવરાજર્ષિને વિભંગજ્ઞાનની પ્રાપ્તિ થઈ. તે જ્ઞાન દ્વારા સાત દ્વીપ અને સાત સમુદ્રને જાણવા લાગ્યા અને લોકમાં પ્રચાર કરવા લાગ્યા કે આ લોકમાં સાત દ્વીપ-સાત સમુદ્ર જ છે.

ગૌતમસ્વામીએ આ વાત જાણીને પ્રભુ સમક્ષ પ્રગટ કરી. પ્રભુએ સમસ્ત જનસમાજને સત્ય હકીકત જણાવતાં વિશાળ પરિષદ વચ્ચે કહ્યું કે શિવરાજર્ષિ જ્ઞાન દ્વારા સાત દ્વીપ–સાત દ્વીપ સમુદ્રને જોઈ શકે છે તે સત્ય છે પરંતુ આ લોક તેટલો જ સીમિત નથી. લોકમાં અસંખ્યાત દ્વીપ–સમુદ્રો છે. તેથી તેમની પ્રરૂપણા મિથ્યાછે.

શિવરાજર્ષિએ પ્રભુની વાત જાણી તુરંત જ સત્યનો સ્વીકાર કરી, તાપસ દીક્ષાનો ત્યાગ કરી શ્રમણદીક્ષા અંગીકાર કરી. સંયમ–તપની સાધનાથી સિદ્ધગતિને પામી ગયા.

સરળ વ્યકિતની જ શુદ્ધિ અને સિદ્ધિ થાય છે.

## શતક–૧૧/૧૦

**લોક અને તેની વિશાળતા :** છ દ્રવ્યના આધારભૂત આકાશખંડને લોક કહે છે. તે પુરુષાકારે–બે પગ પહોળા અને કમ્મર પર હાથ રાખીને ઊભા રહેલા પુરુષના આકારે સ્થિત છે.

લોક ચૌદ રજજુ ઊંચો, નીચે સાત રજજુ લાંબો–પહોળો, ત્યાર પછી ક્રમશઃ ઘટતા મધ્યમાં એક

રજજુ લાંબો-પહોળો, ત્યાર પછી ક્રમશઃ વધતાં સાડા દસ રજજુની ઊંચાઈએ પાંચ રજજુ લાંબો પહોળો અને ત્યાર પછી ક્રમશઃ ઘટતાં એક રજજુ લાંબો-પહોળો છે. તેના મુખ્ય ત્રણ વિભાગ છે.

**અધોલોક** - તિર્યગ્લોકથી નીચે સાધિક સાત રજજુ પ્રમાણ અધોલોક છે તેમાં ક્રમશઃ નીચે નીચે સાત નરક છે.

**તિર્યગ્લોક** - મેરુપર્વતના આઠ રૂચક પ્રદેશથી ૯૦૦ યોજન ઉપર અને ૯૦૦ યોજન નીચે, આ રીતે ૧૮૦૦ યોજન પ્રમાણ તિયગ્લોક છે, તેમાં અસંખ્યાત દ્વીપ-સમુદ્રો છે.

**ઊર્ધ્વલોક** - તિર્યગ્લોકથી ઉપર કંઈક ન્યૂન સાત રજજુ પ્રમાણ ઊર્ધ્વલોક છે. તેમાં ક્રમશઃ ઉપર બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તરવિમાન અને સિદ્ધશિલા તથા સિદ્ધક્ષેત્ર છે.

લોકની વિશાળતા એક કલ્પિત સ્ત્રષ્ટાંત દ્વારા સમજી શકાય છે. મેરુપર્વતની ચૂલિકા પર દેવો ચારે દિશા તરફ ઊભા રહે, નીચે ચાર દેવીઓ જંબૂદ્વીપની ચારે દિશામાં બલિપિંડ ફેંકે. તે પૃથ્વી પર પડે તે પહેલાં જ તેને પકડી શકે તેવી શીઘ્રગતિવાળા છએ દેવો છ દિશામાં હજારો, લાખો, કરોડો વર્ષો સુધી તે જ ગતિથી

ગમન કરે તેમ છતાં લોકનો પાર પામી શકે નહીં. લોક આટલો વિશાળ છે.

લોકની ચારે બાજુ અનંત અલોક છે.

## શતક–૧૧/૧૧

**સુદર્શન શ્રાવકના કાલવિષયક પ્રશ્નો :** કાલના ચાર પ્રકાર છે. (૧) **પ્રમાણકાલ**–જે કાલથી દિવસ–રાત્રિ, માસ, ૠતુ, અયન, વર્ષાદિનું પ્રમાણ જણાય તે પ્રમાણકાલ છે. ચાર પ્રહરનો દિવસ અને ચાર પ્રહરની રાત્રિ, બન્ને મળીને ૩૦ મુહૂર્ત પ્રમાણ એક અહોરાત્ર થાય છે. દિવસ મોટો થાય ત્યારે રાત્રિ ટૂંકી થાય અને દિવસ ટૂંકો થાય ત્યારે રાત્રિ વધે છે. આ રીતે દિવસ–રાત્રિના અને તેના આધારે પ્રહરના માપમાં વધઘટ થયા કરે છે. (૨) **યથાયુષ્યનિર્વૃત્તિકાલ** :– જીવે બાંધેલા આયુષ્યના કાલમાનને યથાયુષ્યનિર્વૃત્તિ કાલ કહે છે. (૩) **મરણકાલ** – જે સમયે શરીર અને જીવ જૂદા પડે તે મરણકાલ છે. (૪) **અદ્ધાકાલ** – સમય, આવલિકાથી લઈને પલ્યોયમ અને સાગરોપમ સુધીના કાલને અદ્ધાકાલ કહે છે. જીવોની સ્થિતિ અદ્ધાકાલથી મપાય છે.

સુદર્શનશ્રેષ્ઠીએ પૂછ્યું કે શું પલ્યોયમ કે

સાગરોપમની સ્થિતિનો ક્ષય થાય છે ? તેના ઉત્તરમાં પ્રભુએ તેના જ પૂર્વના મહાબલ રાજકુમારના ભવનું કથન કર્યું. મહાબલકુમાર સંયમ–તપનું પાલન કરીને પાંચમા દેવલોકમાં ગયા. ત્યાં દશ સાગરોપમની સ્થિતિનો ક્ષય કરીને સુદર્શનશ્રેષ્ઠી તરીકે જન્મ ધારણ કર્યો છે. આ રીતે સમય વ્યતીત થતાં કોઈ પણ સ્થિતિ પૂર્ણ થાય છે.

ભગવાન પાસેથી પોતાના જ પૂર્વભવનું વૃતાંત સાંભળીને ચિંતન–મનન કરતાં સુદર્શન શ્રેષ્ઠીને જાતિસ્મરણજ્ઞાન થયું. જ્ઞાન દ્વારા પ્રભુના વચનાનુસાર પોતાનો પૂર્વભવ જોયો, તેથી તેની શ્રદ્ધા દૃઢતમ થઈ. તેણે વૈરાગ્યભાવે સંયમનો સ્વીકાર કર્યો. કર્મક્ષય કરીને સિદ્ધગતિને પામી ગયા.

## શતક–૧૨/૧

**શંખ–પુષ્કલી શ્રમણોપાસક :** શ્રાવસ્તી નગરીમાં શંખ, પુષ્કલી આદિ અનેક શ્રમણોપાસકોએ સાથે મળીને આહાર સહિતનો પૌષધ કરવાનો વિચાર કર્યો. તેના માટે ભોજનાદિની તૈયારી કરી. તેમાં શંખશ્રાવકને ચારે આહારના ત્યાગ સહિત પરિપૂર્ણ પૌષધવ્રતના ભાવ જાગૃત થયા. તેણે પોતાના મિત્ર શ્રાવકોને વાત કર્યા વિના જ પૌષધ કર્યો. મિત્રોમાં પરસ્પર મનદુઃખ થયું. સહુએ

પ્રભુ પાસે જઈને પોતાનું સમાધાન મેળવી શંખશ્રાવકની ક્ષમાયાચના કરી અને પ્રભુને પ્રશ્નો પૂછ્યા.

પ્રશ્નઃ– જાગરિકાના કેટલા પ્રકાર છે ? ઉત્તર – ત્રણ પ્રકાર છે. (૧) **બુદ્ધજાગરિકા**–કેવળીનો આત્મા સંપૂર્ણ બોધિસ્વરૂપ છે. તેમનું આત્મસ્વરૂપમાં સ્થિર રહેવું, તે બુદ્ધ જાગરિકા છે. (૨) **અબુદ્ધજાગરિકા**–કેવળી સિવાય સમસ્ત સાધકોની ધર્મજાગરણા અબુદ્ધ જાગરિકા છે. (૩) **સુદકખુજાગરિકા**–જીવાદિ તત્ત્વોના જ્ઞાતા સમ્યગદ્રષ્ટિ શ્રાવકોની ધર્મચિંતવના સુદકખુ અથવા સુદર્શન જાગરિકા છે. પ્રશ્ન – ક્રોધાદિ કષાયને વશ થયેલો જીવ શું કરે છે ? ઉત્તર – ક્રોધાદિને વશ થયેલો જીવ શિથિલબંધને બાંધેલી પ્રકૃતિને ગાઢ કરે છે. તેની સ્થિતિ અને અનુભાગમાં વધારો કરે છે. તે જીવ વારંવાર અશાતા વેદનીયકર્મ બાંધે છે તે અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે.

## શતક–૧૨/૨

**જયંતિશ્રાવિકાના પ્રશ્નો :** તે સહસ્રાનીક રાજાની પુત્રી, શતાનીક રાજાની બેન, ઉદાયન રાજાના ફૈબા અને પ્રભુ મહાવીરના સંતોના પ્રથમ શય્યાતર હતા. તેણે પ્રભુ

મહાવીરને જીવનોપયોગી અનેક પ્રશ્નો પૂછ્યા–

**પ્રશ્ન** : જીવ કઈ રીતે કર્મોથી ભારે અને હળવો બને છે ? **ઉત્તર** – અઢાર પાપસ્થાનના સેવનથી ભારે અને પાપસ્થાનના ત્યાગથી હળવો બને છે.

**પ્રશ્ન** : ભવીપણુ – જીવમાં મોક્ષમાં જવાની યોગ્યતા સ્વાભાવિક હોય છે કે પારિણામિક ? **ઉત્તર** – જીવમાં મોક્ષમાં જવાની યોગ્યતા સ્વાભાવિક જ હોય છે. તે કર્મજન્ય પરિણામ નથી, તેથી તેમાં કોઈ ફેરફાર થતો નથી. ભવી જીવો પોતાના પુરુષાર્થથી ક્રમશઃ સિદ્ધ થતા જાય છે. તેમ છતાં ભવી જીવો અનંત હોવાથી આ લોક ક્યારેય ભવી જીવોથી રહિત થતો નથી.

**પ્રશ્ન** : જીવ સૂતેલા સારા કે જાગૃત ? **ઉત્તર** – પાપી જીવ સૂતેલા અને ધર્મી જીવ જાગૃત હોય તે શ્રેષ્ઠ છે. પાપી જીવ જાગૃત રહે તો તે વધુ પાપ પ્રવૃતિ કરે છે, તેથી તે સૂતેલા શ્રેષ્ઠ છે અને ધર્મી જાગૃત રહે તો વધુ ધર્મધ્યાન કરે છે. તે જ રીતે પાપી જીવ દુર્બળ અને આળસુ હોય તે શ્રેષ્ઠ અને ધર્મી જીવ સબળ અને દક્ષ હોય તે શ્રેષ્ઠ છે.

**પ્રશ્ન** : કયા કારણથી જીવ સંસાર પરિભ્રમણ વધારે છે ? **ઉત્તર** – પાંચે ઈન્દ્રિયોના વિષયોની આસકિતથી

સંસાર પરિભ્રમણ વધે છે.

પ્રભુ પાસે સમ્યગજ્ઞાનપૂર્વક સંયમનો સ્વીકાર કરીને જયંતિશ્રાવિકા મોક્ષગતિને પામ્યા.

## શતક–૧૨/૪

**પુદ્ગલપરાવર્તન :** આ લોકમાં રહેલા સમસ્ત પુદ્ગલોને જીવ પોતાના શરીર આદિ માટે ગ્રહણ કરે, તેમાં જેટલો સમય વ્યતીત થાય તેને એક પુદ્ગલ પરાવર્તન કહે છે. તેમાં અનંત ઉત્સર્પિણી– અવસર્પિણીકાલ અર્થાત્ અનંત કાલચક્ર પસાર થાય છે. અનાદિકાલથી કર્મયુકત જીવના પરિભ્રમણનો આધાર પુદ્ગલનું ગ્રહણ અને ત્યાગ છે. જ્ઞાની પુરુષોએ તે અનંત કાલમાનને સૂચિત કરવા પુદ્ગલપરાવર્તન શબ્દનો પ્રયોગ કર્યો છે. જીવને ગ્રહણ યોગ્ય પુદ્ગલવર્ગણાના સાત પ્રકાર હોવાથી પુદ્ગલપરાવર્તનના સાત પ્રકાર છે.

**ઔદારિક પુદ્ગલપરાવર્તન** – લોકની ઔદારિક –વર્ગણાને ગ્રહણ કરવામાં જેટલો સમય વ્યતીત થાય તે ઔદારિક પુદ્ગલપરાવર્તન છે. તે જ રીતે વૈક્રિય, તૈજસ, કાર્મણ, મન, વચન અને શ્વાસોચ્છ્વાસ વર્ગણાને ગ્રહણ કરવામાં જેટલો કાલ વ્યતીત થાય, તેને ક્રમશઃ તે તે પુદ્ગલપરાવર્તન કહે છે.

પ્રત્યેક જીવે ભૂતકાલમાં અનંત-અનંત પુદ્ગલ પરાવર્તન કર્યા છે. ભવિષ્યમાં તેનો મોક્ષ ન થાય ત્યાં સુધી જીવ પોત-પોતાની યોગ્યતાનુસાર પુદ્ગલ પરાવર્તન કરે છે.

## શતક-૧૨/૬

**ચંદ્ર-સૂર્યગ્રહણ** - : રાહુ નામના ગ્રહ જાતિના દેવનું વિમાન પરિભ્રમણ કરતાં કરતાં ચંદ્ર કે સૂર્ય વિમાનની નીચે આવે ત્યારે ચંદ્ર કે સૂર્યનો પ્રકાશ આવરિત થાય છે, તેને ચંદ્રગ્રહણ કે સૂર્યગ્રહણ કહેવાય છે. પર્વરાહુનું વિમાન જઘન્ય છ મહિને અને ઉત્કૃષ્ટ ૪૨ મહિને ચંદ્રને અને ૪૮ વર્ષે સૂર્યને આવરિત કરે છે-ઢાંકે છે.

**કૃષ્ણપક્ષ - શુકલપક્ષ** :- ચંદ્ર વિમાનની નીચે જ નિત્ય રાહુનું વિમાન હોય છે. તેની તથાપ્રકારની ગતિના કારણે ચંદ્રના સોળ ભાગમાંથી એક એક ભાગ-કળા આવરિત થાય છે, તેનાથી જ ક્રમશઃ એકમ, બીજ, ત્રીજ આદિ તિથિ થાય છે. ક્રમશઃ અમાવસ્યાના દિવસે ચંદ્ર સંપૂર્ણ આવરિત થઈ જાય છે. ત્યાર પછી ક્રમશઃ એક એક કળા ખુલતા પૂર્ણિમાના દિવસે ચંદ્ર પૂર્ણ પ્રકાશિત થાય છે. ચંદ્રની કળા ક્રમશઃ આવરિત થાય તે કૃષ્ણપક્ષ અને ચંદ્રની કળા ક્રમશઃ ખુલે તે શુકલપક્ષ કહેવાય છે.

## શતક-૧૨/૭

**લોકના સર્વ સ્થાનમાં જીવના જન્મ-મરણઃ-** આ લોક અસંખ્યાત કોડાકોડી યોજન વિસ્તૃત છે.

અસત્ કલ્પનાએ ૧૦૦ બકરી રહી શકે તે વાડામાં ૧૦૦૦ બકરીઓને છ મહિના પર્યંત રાખે તો તે વાડો છ મહિનામાં બકરીના મળ-મૂત્રાદિથી વ્યાપ્ત થઈ જાય છે. તેનો એક પણ પ્રદેશ બકરીની અશુચિથી અસ્પર્શિત રહેતો નથી. તે જ રીતે ૧. આ લોક શાશ્વત છે. ૨. જીવનું સંસારભ્રમણ અનાદિ છે, ૩. જીવ નિત્ય છે, ૪. કર્મો અનંત છે અને ૫. જન્મ-મરણ પણ અનંત છે. આ પાંચ કારણોથી આ સમસ્ત લોક પ્રત્યેક જીવના જન્મ-મરણથી વ્યાપ્ત છે. લોકનો એક પણ આકાશપ્રદેશ જીવના જન્મ-મરણથી અસ્પર્શિત રહેતો નથી.

અનંત જન્મ-મરણ કરતાં આ જીવે અન્ય જીવો સાથે માતા, પિતા, ભાઈ, બેન આદિ પ્રત્યેક સંબંધો પૂર્વે અનંતવાર બાંધ્યા છે.

આ રીતે જીવનું અનંત સંસારપરિભ્રમણ અને તેમાં સંબંધોની અનિત્યતા જીવનો વૈરાગ્યભાવ જાગૃત કરે છે.

**આઠ પ્રકારના આત્મા :-** अतति इति आत्मा । જે નિરંતર અન્ય અન્ય પર્યાયોને પ્રાપ્ત કરે છે તે આત્મા છે અથવા જે જ્ઞાનસ્વરૂપ છે, જેમાં બોધરૂપ વ્યાપાર પ્રાપ્ત થાય છે તે આત્મા છે. સ્વરૂપની અપેક્ષાએ આત્મા એક જ છે. પરંતુ તેના વિશિષ્ટ ગુણો અને વિશિષ્ટ અવસ્થાના આધારે તેના આઠ પ્રકાર થાય છે.

(૧) ત્રિકાલવર્તી અસંખ્ય પ્રદેશાત્મક આત્મ દ્રવ્ય **દ્રવ્યાત્મા** છે. ત્યારે તેમાં કષાય, યોગ આદિ સર્વ પર્યાયોને ગૌણ કરવામાં આવે છે. જીવની સર્વ અવસ્થામાં દ્રવ્યાત્મા હોય છે. (૨) જીવ જયારે ક્રોધાદિ કષાયભાવને આધીન થાય, ત્યારે તે **કષાયાત્મા** કહેવાય છે. (૩) મન, વચન, કાયાની યોગ પ્રવૃતિથી યુકત હોય તે **યોગાત્મા** છે. (૪) જ્ઞાન-દર્શનના ઉપયોગયુકત હોય તે **ઉપયોગાત્મા** છે. (૫) મતિ આદિ પાંચ જ્ઞાનયુકત હોય તે **જ્ઞાનાત્મા** (૬) ચક્ષુદર્શન આદિ ચાર દર્શન યુકત હોય તે **દર્શનાત્મા** છે. (૭) સામાયિકચારિત્ર આદિ પાંચ ચારિત્રમાંથી કોઈ પણ ચારિત્ર યુકત હોય તે **ચારિત્રાત્મા** અને (૮) ઉત્થાનાદિ પરાક્રમયુકત હોય, તે **વીર્યાત્મા** છે.

જીવની વિવિધ પરિણતિઓના આધારે તેમાં એકથી અધિક આત્માનું કથન થાય છે.

## શતક–૧૩/૧

**નારકોમાં લેશ્યાપરિણમન :–** ભાવલેશ્યા આત્મ–પરિણામ સ્વરૂપ છે. જીવોના આત્મપરિણામોના પરિવર્તન અનુસાર લેશ્યામાં પણ પરિવર્તન થાય છે. કર્મસિદ્ધાંતના નિયામાનુસાર જીવને જે ગતિમાં ઉત્પન્ન થવાનું હોય, તે ગતિમાં જે લેશ્યા હોય તે લેશ્યામાં જ તે આયુષ્યકર્મનો બંધ કરે છે. આયુષ્યબંધ સમયની લેશ્યા જ અંતિમ સમયે આવી જાય છે અને જીવ જે લેશ્યામાં મૃત્યુ પામે, તે જ લેશ્યામાં તેનો જન્મ થાય છે. નરકમાં કૃષ્ણ, નીલ અને કાપોત, આ ત્રણ લેશ્યા જ હોય છે. તેથી નરકમાં ઉત્પન્ન થનાર મનુષ્ય કે તિર્યંચને પણ આ ત્રણ લેશ્યામાંથી કોઈપણ એક લેશ્યામાં આયુષ્યનો બંધ થાય છે અને તે જ લેશ્યા મૃત્યુ સમયે હોય છે.

## શતક–૧૩/૪

**નરકમાં રહેલા એકેન્દ્રિયોને પણ મહાદુઃખ :–** નરકમાં રહેલા નૈરયિકોને ક્ષેત્રજન્ય વેદનાનો અનુભવ સતત કરવો પડે છે. તેના મહાકર્મના કારણે તેની આસપાસની

સર્વ વસ્તુઓનો સ્પર્શ પણ તેને પ્રતિકૂળ જ લાગે છે અને તે સ્થાનમાં રહેલા પૃથ્વી આદિ એકેન્દ્રિય જીવો પણ મહાદુ:ખનો અનુભવ કરે છે. તે જીવ મહાકર્મ, મહાક્રિયા, મહાશ્રવવાળા હોય છે, તેથી જ નરક જેવા સ્થાનમાં તેની ઉત્પત્તિ થાય છે.

## શતક–૧૩/૬

**ઉદાયન નરેશ :–** ઉદાયન રાજા સિંધુ સૌવિર આદિ સોળ દેશના અધિપતિ હતા. અને પ્રભુ મહાવીરના અનન્ય ભકત શ્રમણોપાસક પણ હતા. એકદા પૌષધવ્રતની આરાધનામાં ધર્મજાગરણ કરતાં તેના અંતરમાં પ્રભુદર્શનની તીવ્ર તમન્ના પ્રગટ થઈ. કેવળજ્ઞાની પ્રભુ ઉદાયન રાજાના મનોગત ભાવ જાણીને વીતિભય નગરમાં પધાર્યા. ઉદાયન રાજા પ્રભુના દર્શન માટે ગયા. વૈરાગ્યભાવ જાગૃત થયો. પુત્રને રાજકીય ભાર સોંપીને તેમણે દીક્ષા અંગીકાર કરવાની ભાવના પ્રભુ સમક્ષ પ્રગટ કરી.

ઘેર જતાં વિચાર આવ્યો કે પુત્ર રાજકીય ભોગ–વિલાસમાં, સત્તાના મદમાં મૂર્છિત થઈ જશે તો તેની દુર્ગતિ થશે. પિતા તરીકે મારી ફરજ છે કે પુત્રની દુર્ગતિ અટકાવવી અને રાજયનો ભાર ભાણેજ

કેસીકુમારને સોંપવો. આ પ્રકારે પુત્રની હિતચિંતાપૂર્વક કેસીકુમારનો રાજયાભિષેક કરીને સ્વયં પ્રભુ પાસે દીક્ષિત થઈ ગયા.

પુત્ર અભીચિકુમાર પિતાની હિતચિંતાને સમજી શકયો નહીં. તેના મનમાં ડંખ રહી ગયો કે 'પિતાએ મારી સાથે અન્યાય કરીને રાજય પોતાના ભાણેજને સોંપી દીધું.' ત્યારપછી સત્સંગના પ્રભાવે બારવ્રત અંગીકાર કર્યા. અન્ય સર્વ પાપની આલોચના કરી, પરંતુ પિતા પ્રત્યે જે ડંખ હતો તે ગયો નહીં. તેથી વિરાધકપણે મૃત્યુ પામીને અસુરકુમાર જાતિના દેવમાં ઉત્પન્ન થયા.

આ રીતે અંતરમાં રહેલું નાનકડું શલ્ય પણ સાધનાની સફળતામાં બાધક બને છે.

## શતક–૧૪/૨

**ઉન્માદ :–** વિવેકનો નાશ અથવા ચિત્તની વિક્ષિપ્તતા, તે ઉન્માદ છે. નિમિત્તના ભેદથી તેના બે ભેદ છે.

**યક્ષાવેશજન્ય ઉન્માદ :–** (૧) મનુષ્યના શરીરમાં યક્ષ પ્રવેશ કરે, (૨) ભવનપતિ દેવો નારકોના શરીરમાં અશુભ પુદ્ગલોનો પ્રક્ષેપ કરે, (૩) મહર્દ્ધિક દેવ, અલ્પર્દ્ધિક દેવના શરીરમાં અશુભ પુદ્ગલોનો પ્રક્ષેપ કરે

ત્યારે વ્યકિત પોતાનો વિવેક ગુમાવે છે, નિરર્થક બકવાટ આદિ કરે છે. તે યક્ષાવેશજન્ય ઉન્માદ છે. તે એક ભવ પર્યંત જ રહે છે.

**મોહનીય કર્મોદયજન્મ ઉન્માદ :–** દર્શનમોહનીય કે ચારિત્રમોહનીય કર્મના ઉદયથી જીવ વિવેકદશા ભૂલી જાય, તેની શ્રદ્ધા ભ્રષ્ટ થાય, ચારિત્ર દૂષિત થાય તેવી પ્રવૃતિ કરે, તે મોહનીયકર્મજન્ય ઉન્માદ છે. તે ભવ–ભવાંતર સુધી જીવની સાથે જ રહે છે. તે અનંત સંસારનું કારણ છે. ચારે ગતિના જીવોને આ બંને પ્રકારના ઉન્માદ હોય છે.

## શતક–૧૪/૭

**પ્રભુ મહાવીર અને ગૌતમનો ભવાન્તરીય સંબંધ :–** પોતાના દીક્ષિત શિષ્યોને કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ જવા છતાં પોતાને કેવળજ્ઞાન પ્રાપ્ત ન થવાથી ગૌતમસ્વામી ખિન્ન થઈ ગયા હતા. ત્યારે પ્રભુએ ગૌતમસ્વામીને કહ્યું, 'હે ગૌતમ ! તું ચિરકાલથી મારો પરિચિત છો અર્થાત્ પૂર્વના અનેક ભવોમાં આપણે સાથે હતા. તારો મારા પ્રતિ ભકિતરાગ હોવાથી તને કેવળજ્ઞાન થતું નથી. તેથી તું ખિન્ન ન થા. આ શરીર છૂટયા પછી આપણે બંને

સમાન સ્થિતિમાં અર્થાત્ સિદ્ધ અવસ્થામાં અનંતકાલ સુધી બંને સાથે સ્થિત રહેશું.

ભગવાનનું આ કથન સંસારી જીવોના ભવ–ભવાંતરના ઋણાનુબંધ સંબંધને પ્રદર્શિત કરે છે.

## શતક–૧૫

**ગોશાલક ચરિત્ર :–** ગોશાલક ભિક્ષાચરીથી આજીવિકા ચલાવતો હતો. પ્રભુ મહાવીરના છદ્મસ્થકાલમાં રાજગૃહીના ચાતુર્માસમાં તેને અન્યત્ર સ્થાન પ્રાપ્ત ન થવાથી પ્રભુની સાથે રહ્યો. પ્રભુના પ્રથમ માસખમણના પારણે પ્રગટ થયેલા પાંચ દિવ્યને જોઈને તે પ્રભુ પ્રતિ આકર્ષાયો અને પ્રભુ સમક્ષ શિષ્ય થવાની આકાંક્ષા પ્રગટ કરી. પ્રભુએ તે વાતનો સ્વીકાર કર્યો નહીં, પરંતુ બીજી વાર તથાપ્રકારની ઘટનામાં પ્રભુ મૌન રહ્યા ત્યારે તે પ્રભુને શિષ્યરૂપે સમર્પિત થયો. પ્રસંગોપાત તેણે પ્રભુ પાસે તેજોલેશ્યાની પ્રાપ્તિની વિધિ જાણી.

એકદા વિહાર કરતાં ગોશાલકે એક તલનો છોડ જોઈને પ્રભુને પૂછ્યું, આ છોડ નિષ્પન્ન થશે કે નહીં ? પ્રભુએ ઉત્તર આપ્યો કે આ તલના ફૂલના સાત જીવો મરીને આ જ તલની ફળીમાં સાત તલરૂપે ઉત્પન્ન થશે.

પ્રભુના વચનને મિથ્યા સિદ્ધ કરવા ગોશાલકે તલના છોડને ઉખેડીને ફેંકી દીધો. આ કુચેષ્ટા તેના પતનનું મહત્તમ નિમિત્ત હતું.

ત્યારપછી ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ગોશાલક પ્રભુની સાથે પહેલા ઉખેડી નાંખેલા તલના છોડના સ્થાને આવ્યો. તેણે પ્રભુને પૂર્વવૃતાંતનું સ્મરણ કરાવીને કહ્યું, આપનું કથન મિથ્યા સિદ્ધ થાય છે. અહીં તલનો છોડ નથી. પ્રભુએ તેને સત્ય હકીકત કહી કે તે કુચેષ્ટા કરીને છોડને ઉખેડીને ફેંકી દીધો હતો. તે છોડ સંયોગવશ ત્યાં નિષ્પન્ન થયો છે, તે તલપુષ્પના જીવો મરીને તે જ તલફળીમાં સાત તલરૂપે ઉત્પન્ન થયા છે કારણ કે, વનસ્પતિકાયિક જીવો મરીને પુનઃ વનસ્પતિમાં ઉત્પન્ન થઈ શકે છે.

ગોશાલકે પ્રભુના કથનની કસોટી કરવા માટે તલફળીને તોડીને જોયું તો તેમાં સાત જ તલ હતા. તે શરમાઈ ગયો અને પ્રભુથી પૃથક્ વિહાર કરી ગયો. ત્યાર પછી તેણે પ્રભુથી અલગ રહી તેજોલબ્ધિની સાધના કરીને તેજોલબ્ધિ પ્રગટ કરી અને અષ્ટાંગ નિમિત્તનું જ્ઞાન મેળવ્યું. તે જ્ઞાનના આધારે લોકોને ભૂત-ભવિષ્યને વાતો

કહેવા લાગ્યો. પોતે જિન હોવાનો પ્રલાપ કરવા લાગ્યો.

પ્રભુએ મહાન પરિષદ્માં ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તર રૂપે પ્રગટ કર્યું કે ગોશાલક જિન નથી, જિનપ્રલાપી છે. લોકોના મુખેથી આ કથન સાંભળીને ગોશાલક અત્યંત કોપિત થયો. પ્રભુના શ્રમણોને અનર્થકારી ધમકી આપી. પ્રભુની સામે આવીને આવેશપૂર્વક અનર્ગલ ભર્ત્સના કરવા લાગ્યો. પ્રભુએ તેને શાંત થવાનો ઉપદેશ આપ્યો, પરંતુ અહંકારના નશામાં ચકચૂર બનેલો ગોશાલક પ્રભુનો તિરસ્કાર, અપમાન કરવા લાગ્યો. પ્રભુના બે શિષ્યોને તેજોલેશ્યાથી ભસ્મીભૂત કર્યા. છેલ્લે પ્રભુ ઉપર તેજોલેશ્યાનો પ્રહાર કર્યો. તીર્થંકરના પરમપુણ્યે તે પ્રભુને ભસ્મીભૂત કરી શકી નહીં પરંતુ તેના કારણે પ્રભુને છ મહિના દાહજવરની પીડા ભોગવવી પડી.

મિથ્યાત્વના ગાઢ ઉદયે ગોશાલકે તીર્થંકરને તેમ જ તેમના સંતોને પીડિત કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ જયારે તે નિષ્ફળ ગયો, ત્યારે તે ખિન્ન થયો. તેમ છતાં તે સત્યને સમજી કે સ્વીકારી શકયો નહીં. અનેક મિથ્યા પ્રરૂપણા, કુચેષ્ટાઓ દ્વારા પોતાના પાપને ઢાંકવાનો

પ્રયત્ન કરવા લાગ્યો. પ્રભુની આગાહી અનુસાર પોતાનો અંતિમ સમય જાણીને મૂઢ બનેલા ગોશાલકે પોતાના સાધુઓને પોતાના નિર્વાણ મહોત્સવની સૂચના આપી.

ત્યાર પછી સાતમી રાત્રે તેના મિથ્યાત્વનો ઉદય પૂરો થયો. તેની ચિંતનની ધારા પરિવર્તન પામી. તેને સત્યનો સાક્ષાત્કાર થયો. તેણે આત્માની સાક્ષીએ તેમ જ અન્ય સાધુઓની સમક્ષ પોતાના પાપ પ્રગટ કર્યા. 'હું જિન નથી. જિનપ્રલાપી છું, તીર્થંકરનો વિરોધિ બનીને મેં મહાપાપનું આચરણ કર્યું છે.' વગેરે પાપની આલોચના અને નિંદાપૂર્વક કાલધર્મ પામી બારમા દેવલોકમાં ઉત્પન્ન થયો.

ગાઢ મિથ્યાત્વના ઉદયે તીર્થંકરાદિની આશાતનાના ફળ સ્વરૂપે ગોશાલક પ્રત્યેક નરકના બે બે ભવ, તિર્યંચગતિના અસંખ્ય ભવ, તુચ્છ જાતિના મનુષ્યના અનેક ભવ કરશે. તે ભવમાં ચારિત્ર ગ્રહણ કરવા છતાં આરાધના કરી શકશે નહીં. આ પ્રમાણે દીર્ઘકાલ દુઃખમય ભ્રમણ કરતાં અશુભ કર્મો ક્ષીણ થશે. ત્યાર પછી ક્રમશઃ સાત મનુષ્યજન્મમાં ચારિત્રની આરાધના કરીને સર્વ કર્મોનો ક્ષય કરીને સિદ્ધ થશે.

આ રીતે ગોશાલક ચરિત્ર દેવ–ગુરુ–ધર્મની આશાતનાના ફળને પ્રદર્શિત કરે છે.

## શતક–૧૬/૨

**અવગ્રહના પાંચ પ્રકાર :–** પંચ મહાવ્રતધારી સાધુ અદત્તાદાનના પૂર્ણતઃ ત્યાગી હોય છે. તે સાધુઓ પોતાની આવશ્યકતા અનુસાર સ્થાન કે વસ્તુઓના માલિકની આજ્ઞાપૂર્વક જ ગ્રહણ કરે છે. તેને અવગ્રહ કહે છે. તેના પાંચ પ્રકાર છે. (૧) **દેવેન્દ્રાવગ્રહ**–લોકના દક્ષિણ વિભાગ પર શક્રેન્દ્રનું અને ઉત્તર વિભાગ પર ઈશાનેન્દ્રનું આધિપત્ય છે, તેથી તે તે ક્ષેત્રની કોઈપણ નધણિયાતી વસ્તુ કે સ્થાનના ઉપયોગ માટે ઈન્દ્રની આજ્ઞા લેવી. (૨) **રાજાવગ્રહ** – જે ક્ષેત્રના જે રાજા–અધિપતિ હોય, તેની આજ્ઞા લેવી. (૩) **ગાથાપતિ અવગ્રહ**– ગૃહસ્વામીની આજ્ઞાથી કોઈપણ વસ્તુ ગ્રહણ કરવી. (૪) **સાગારિક અવગ્રહ** – સ્થાનદાતા શય્યાતર સાગારિક કહેવાય છે. તેના સ્વામીત્વની વસ્તુ માટે તેની આજ્ઞા લેવી. (૫) **સાધર્મિક અવગ્રહ** – સમાન આચારવાળા સાધુઓને સાધર્મિક કહે છે. સહચારી શ્રમણોની વસ્તુ તેમની આજ્ઞાપૂર્વક લેવી.

સંક્ષેપમાં સાધુઓને પાંચ અવગ્રહમાંથી જયારે જે યોગ્ય હોય તે અવગ્રહનું પાલન કરવું જરૂરી છે.

## શતક–૧૬/૪

**શ્રમણ નિર્ગ્રંથો અને નૈરયિકોની કર્મક્ષયની તરતમતા :–** સામાન્ય રીતે જે કર્મોનું વેદન થઈ જાય તે કર્મો આત્માથી ખરી જાય અર્થાત્ તેની નિર્જરા થાય છે. તેમ છતાં નિર્જરાનો આધાર એકાંતે વેદના પર નથી, પરંતુ વર્તમાનના પુરુષાર્થ પર હોય છે. વર્તમાનનો સંયમ –તપ રૂપ પુરુષાર્થ કર્મક્ષય માટેનું અમોઘ શસ્ત્ર છે.

નૈરયિકો નરકમાં દીર્ઘકાલ પર્યંત તીવ્રવેદનાનું વેદન કરતાં જે કર્મોનો ક્ષય કરે છે તેનાથી શ્રમણો અલ્પકાલમાં અલ્પવેદનાનું વેદન કરવા છતાં અનંતગુણા કર્મોની નિર્જરા કરે છે.

નૈરયિકોના કર્મો ગાઢ, ચીકણા અને નિકાચિત હોવાથી અને તેની પાસે કર્મક્ષય કરવા માટે સંયમ–તપ રૂપ તીક્ષ્ણ શસ્ત્ર ન હોવાથી મહાવેદના ભોગવવા છતાં કર્મોનો વિશેષ ક્ષય થતો નથી.

સંયમી સાધક પાસે સંયમ–તપ રૂપ તીક્ષ્ણ શસ્ત્ર હોવાથી કર્મોનો વિશેષ ક્ષય થાય છે.

## શતક–૧૬/૬

**સ્વપ્નદર્શન :–** અર્ધ જાગૃતાવસ્થામાં ચલચિત્રોની જેમ જે દૃશ્યો દેખાય છે, તેને સ્વપ્ન કહે છે. કેટલાક સ્વપ્નો યથાર્થ ફળદાયી હોય છે અને કેટલાક સ્વપ્નો અસ્પષ્ટ, અવ્યકત અને યથાતથ્ય હોતા નથી. સ્વપ્ન શાસ્ત્રાનુસાર સ્વપ્નના કુલ ૭૨ પ્રકાર છે. તેમાંથી ૪૨ સામાન્ય સ્વપ્ન અને ૩૦ મહાસ્વપ્ન છે. તેમાંથી તીર્થંકર અને ચક્રવર્તીની માતા ચૌદ, વાસુદેવની માતા સાત, બલદેવની માતા ચાર અને માંડલિક રાજાની માતા એક મહાસ્વપ્ન જુએ છે. ભગવાન મહાવીરને છદ્મસ્થાવસ્થાની અંતિમ રાત્રિએ દશ યથાતથ્ય સ્વપ્નનું દર્શન કર્યું હતું. તે દશ સ્વપ્નના ફળ સ્વરૂપે પ્રભુને બીજે દિવસે કેવળજ્ઞાન થયું.

## શતક–૧૭/૧

**વૃક્ષને હલાવવાથી લાગતી ક્રિયા :–** વૃક્ષને હલાવનાર કે તેના ફળને પાડનાર પુરુષને પાંચ ક્રિયા લાગે છે. તે પુરુષ કાયાથી પ્રવૃત્તિ કરે છે, તેથી પ્રથમ કાયિકી ક્રિયા; વૃક્ષને હલાવવામાં કોઈ સાધન કે શસ્ત્રનો ઉપયોગ કરે, તેથી બીજી અધિકરણિકી ક્રિયા; તે જીવ સરાગી હોવાથી ત્રીજી પ્રાદ્વેષિકી ક્રિયા; તે પુરુષની પ્રવૃત્તિથી વૃક્ષના

જીવને પરિતાપ પહોંચ્યો હોવાથી ચોથી પારિતાપનિકી ક્રિયા અને તે નિમિત્તથી જીવહિંસા થાય, તેથી પાંચમી પ્રાણાતિપાતિકી ક્રિયા લાગે છે.

છદ્મસ્થ જીવોની કોઈ પણ પ્રવૃત્તિથી ઓછામાં ઓછી પ્રથમ ત્રણ ક્રિયા લાગે છે. જો તેની પ્રવૃત્તિથી અન્ય જીવોને પરિતાપ થયો હોય તો ચોથી પારિતાપનિકી ક્રિયા સહિત ચાર ક્રિયા લાગે અને જો તે પ્રવૃત્તિથી જીવહિંસા થઈ હોય, તે પુરુષ જીવહિંસામાં સાક્ષાત્ નિમિત્ત બન્યો હોય તો પાંચ ક્રિયા લાગે છે.

## શતક–૧૭/૬ થી ૧૧

**જીવની ઉત્પતિ અને આહારગ્રહણ :–** જીવ એક ભવનું આયુષ્ય પૂર્ણ કરીને મૃત્યુ પામી બીજા ભવમાં જાય, ત્યારે બે પ્રકારે જાય છે – (૧) કયારેક તેના આત્મપ્રદેશો ઈલિકાગતિથી ઉત્પતિસ્થાન સુધી પહોંચે છે, ત્યારે કેટલાક આત્મપ્રદેશો પૂર્વના શરીરમાં હોય અને કેટલાક આત્મપ્રદેશો લંબાઈને ઉત્પતિસ્થાનમાં પહોંચી જાય છે. તે જીવ પહેલા આહાર ગ્રહણ કરે છે પછી ઉત્પન્ન થાય છે. (૨) કેટલાક જીવોના આત્મપ્રદેશો દડાની જેમ એક સાથે ઉત્પતિસ્થાનમાં પહોંચી જાય છે.

તે જીવ પહલાં ઉત્પન્ન થાય છે પછી આહાર ગ્રહણ કરે છે. આ રીતે જીવની મૃત્યુ સમયની ગતિ અનુસાર તેનો આહાર ગ્રહણ થાય છે.

## શતક–૧૮/૨

**શક્રેન્દ્રનો પૂર્વભવ : કાર્તિક શેઠ** – ભગવાન મુનિસુવ્રત સ્વામીના સમયમાં હસ્તિનાપુર નગરમાં કાર્તિક નામના શ્રેષ્ઠી હતા. વણિકોમાં તેનું અગ્રસ્થાન હતું. ૧૦૦૮ વ્યાપારીઓ પર તેમનું આધિપત્ય હતું.

એકદા પ્રભુના ઉપદેશથી તે વૈરાગ્યવાસિત થયા. પુત્રને કૌટુંબિક જવાબદારી સોંપીને દીક્ષાની તૈયારી કરી. ૧૦૦૮ વ્યાપારી મિત્રો પણ કાર્તિક શેઠ સાથે દીક્ષિત થવા તૈયાર થયા. સહુએ મુનિસુવ્રત પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી, સ્થવિરો પાસે ચૌદપૂર્વનું જ્ઞાન ભણ્યા. વિવિધ તપસ્યાથી આત્માને ભાવિત કર્યો. બાર વર્ષની શ્રમણપર્યાય અને અંતે એક માસના અનશનપૂર્વક સમાધિભાવે દેહનો ત્યાગ કરીને પ્રથમ દેવલોકના ઈન્દ્ર શક્રેન્દ્ર રૂપે ઉત્પન્ન થયા. દેવભવની બે સાગરોપમની સ્થિતિ પૂર્ણ કરીને તેમનો આત્મા મહાવિદેહક્ષેત્રમાંથી સિદ્ધ થશે.

## શતક–૧૮/૩

**માકન્દીય પુત્ર અણગારના પ્રશ્નો :–**

**પ્રશ્ન** – કાપોત લેશી પૃથ્વીકાયિક જીવ મરીને મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય છે ? **ઉત્તર** – હા, થઈ શકે છે.

**પ્રશ્ન**– ભાવિતાત્મા અણગારના ચરમ નિર્જરાના પુદ્ગલોને છદ્મસ્થ મનુષ્યો જાણી શકે છે ? **ઉત્તર** – વિશિષ્ટ અવધિજ્ઞાની અવધિજ્ઞાનના ઉપયોગયુકત હોય ત્યારે જાણી શકે છે. તે સિવાય જાણી શકતા નથી. નારકી, ભવનપતિ દેવો, વ્યંતરદેવો, જયોતિષીદેવો અને તિર્યંચપંચેન્દ્રિય આદિ પાસે વિશિષ્ટ અવધિજ્ઞાન ન હોવાથી જાણી શકતા નથી.

વિશિષ્ટ અવધિજ્ઞાનના ઉપયોગયુકત મનુષ્યો તથા સમ્યગ્દ્રષ્ટિ પરંપરોપપન્નક, પર્યાપ્ત અને અવધિજ્ઞાનના ઉપયોગયુકત વૈમાનિકદેવો સૂક્ષ્મ નિર્જરાના પુદ્ગલોને જાણી–દેખી શકે છે. અન્ય મનુષ્યો કે દેવો સૂક્ષ્મ પુદ્ગલોને જાણી શકતા નથી.

## શતક–૧૮/૬

**નિશ્ચય–વ્યવહારથી ભ્રમરાદિમાં વર્ણાદિ :–** વ્યવહારથી

ભ્રમરમાં કાળો વર્ણ છે, નિશ્ચયથી ભ્રમરમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ હોય છે.

વ્યવહારથી ગોળમાં મધુર રસ હોય પરંતુ નિશ્ચયથી તેમાં પાંચે રસ હોય છે. આ રીતે પ્રત્યેક પદાર્થમાં કોઈ પણ એક વર્ણ, એક ગંધ, એક રસાદિ પ્રતીત થાય છે. પરંતુ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, તે પુદ્ગલના ગુણોને પરસ્પર સાહચર્ય હોય છે, તેથી નિશ્ચયની અપેક્ષાએ કોઈ પણ સ્થૂલ પદાર્થોમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ અવશ્ય હોય છે.

## શતક–૧૮/૧૦

**સોમિલ બ્રાહ્મણના પ્રશ્નો :–** ઋગ્વેદાદિ ચાર વેદના જ્ઞાતા સોમિલ બ્રાહ્મણે અહંકારવશ સંકલ્પ કર્યો હતો કે પ્રભુ મહાવીરને અમુક જૈનદર્શન વિરુદ્ધ પ્રશ્નો પૂછવા. જો પ્રભુ સાચા ઉત્તર આપે તો જ પ્રભુને વંદન કરવા.

**પ્રશ્ન** – આપની યાત્રા શું છે ? **ઉત્તર** – સંયમ, તપ, સ્વાધ્યાય, ધ્યાનાદિ શુભ યોગમાં પ્રવૃત્તિ કરવી, તે અમારી યાત્રા છે.

**પ્રશ્ન** – આપની યાત્રા માટેનું યાપનીય – ભાથું શું છે ?

**ઉત્તર** – ઈન્દ્રિય અને મનની સ્વાધીનતા અર્થાત્ ઈન્દ્રિયવિજય અને મનોવિજય અમારું યાપનીય–ભાથું છે.

**પ્રશ્ન** – આપનો પ્રાસુક વિહાર કયો છે ?

**ઉત્તર** – નિર્દોષ અને નિર્જીવ શયનાસન, સ્થાનાદિનું ગ્રહણ કરવું તે જ અમારો પ્રાસુક વિહાર છે.

**પ્રશ્ન** – શું આપ એક છો, બે છો, અક્ષય કે અવ્યય છો ?

**ઉત્તર** – મારું આત્મદ્રવ્ય સ્વતંત્ર હોવાથી હું એક સ્વરૂપ છું. જ્ઞાન–દર્શન, આ બે મુખ્ય ગુણ હોવાથી હું બે સ્વરૂપ છું. આત્મદ્રવ્યના અસંખ્ય પ્રદેશોનો કદાપિ ક્ષય કે વ્યય થતો ન હોવાથી હું અક્ષય અને અવ્યય સ્વરૂપ છું.

આ પ્રકારના પ્રભુના અનેકાંત દ્રષ્ટિકોણથી આપેલા ઉત્તરો સાંભળીને સોમિલ બ્રાહ્મણ પ્રતિબોધ પામ્યા. તેણે પ્રભુને વંદન નમસ્કાર કરીને શ્રાવક વ્રતનો સ્વીકાર કર્યો.

## શતક–૧૯/૩

**સ્થાવર જીવોની સૂક્ષ્મતા–સ્થૂલતા :–** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના જીવોના શરીરો ક્રમશઃ સૂક્ષ્મ છે. સૂક્ષ્મ નિગોદ જીવોની અવગાહના સર્વથી સૂક્ષ્મ

છે અને સ્થૂલતાની અપેક્ષાએ બાદર વનસ્પતિકાયિક જીવોની અવગાહના સર્વથી અધિક છે.

**પૃથ્વીકાયિક જીવોની કઠોરતા :** પૃથ્વીકાયિક જીવોની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની છે તેમ છતાં તે જીવોનું શરીર અત્યંત કઠોર હોય છે.

લાખના ગોળા જેટલા પૃથ્વીકાયિક જીવોને ચક્રવર્તીની દાસી વજ્રમયી શિલા પર વજ્રમયી પથ્થરથી ૨૧ વાર પીસે તેમ છતાં તેમાંથી કેટલાક જીવો મરે છે કેટલાક જીવો મરતા નથી.

તે જીવોને એક સ્પર્શેન્દ્રિય જ હોય છે. તેને પીસતા આદિ કોઈ પણ શસ્ત્રનો પ્રયોગ કરતાં તેને અસહ્ય વેદના થાય છે, પરંતુ તેની પાસે પ્રગટ કરવાનું કોઈ સાધન ન હોવાથી તે પ્રગટ કરી શકતા નથી.

જેમ કોઈ રુષ્ટપુષ્ટ યુવાન પુરુષ અત્યંત દુર્બળ અને વૃદ્ધ પુરુષ પર મુષ્ટિ પ્રહાર કરે ત્યારે તે વૃદ્ધ પુરુષ તેનો પ્રતિકાર કે બચાવ કરી શકતો નથી તેમ છતાં તેને વેદના અવશ્ય થાય છે. તે જ રીતે પૃથ્વી આદિ સ્થાવર જીવો પણ આપણી જેમ વેદનાનો અનુભવ અવશ્ય કરે છે.

## શતક–૧૯/૯

**કરણના ભેદ પ્રભેદ :–** ક્રિયા કરવાના સાધનને કરણ કહે છે. કોઈ પણ કાર્યની નિષ્પતિ માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ અને ભવ આ પાંચે કારણ સહાયક બને છે, તેથી કરણના પાંચ પ્રકાર છે. **દ્રવ્યકરણ** – કોઈ ક્રિયામાં દ્રવ્ય–સાધન નિમિત્ત બને તે. જેમ લેખનક્રિયામાં પેન દ્રવ્યકરણ છે. **ક્ષેત્રકરણ** – બીજની નિષ્પતિમાં ફળદ્રુપ ભૂમિ કારણ બને છે. **કાલકરણ** – વર્ષાઋતુમાં જીવોની અધિક ઉત્પતિ થવામાં કાલ કારણ બને છે. **ભવકરણ** – દેવભવમાં દીર્ઘકાલે આહારની ઈચ્છા થવામાં ભવ કારણ બને છે. **ભાવકરણ** – રાગ ભાવના ઉદયથી પદાર્થો ગ્રાહણ કરવાની ઈચ્છા થાય છે તેમાં તથાપ્રકારના ભાવ કારણ બને છે.

## શતક–૨૦/૯

**જંઘાચરણ–વિદ્યાચરણ :–** આકાશગમન કરવાની શકિતને ચારણલબ્ધિ કહે છે. તેના બે ભેદ છે – જંઘાચારણ, વિદ્યાચારણ.

**વિદ્યાચારણ** – પૂર્વગત શ્રુતસંપન્ન સાધુને નિરંતર છઠ્ઠની તપસ્યા કરતાં આ લબ્ધિ પ્રગટ થાય છે. તે સાધુ વિદ્યાના પ્રભાવે ત્રણ ચપટી વગાડે તેટલા સમયમાં

જંબૂદ્વીપની ત્રણ વાર પરિક્મ્મા કરી શકે તેટલી શીઘ્ર ગતિ કરી શકે છે. તે એક ઉડ્ડાનમાં માનુષોત્તર પર્વત પર સ્થિત થઈને બીજા ઉડ્ડાનમાં આઠમા નંદીશ્વરદ્વીપ સુધી જઈ શકે છે. ત્યાંથી એક જ ઉડ્ડાનમાં સ્વસ્થાને પહોંચી જાય છે. ઊર્ધ્વગતિમાં બે ઉડ્ડાનમાં મેરુપર્વતના પંડગવન સુધી જઈ શકે છે, ત્યાંથી એક જ ઉડ્ડાનમાં સ્વસ્થાન સુધી પહોંચી જાય છે.

**જંઘાચારણ** – પૂર્વગત શ્રુતસંપન્ન સાધુને નિરંતર અટ્ઠમની તપસ્યા કરતાં આ લબ્ધિ પ્રગટ થાય છે. તેની ગતિ વિદ્યાચારણથી સાત ગણી અધિક હોય છે. તે એક જ ઉડ્ડાનમાં પંદરમા રુચકવર દ્વીપ સુધી અને ઉપર પંડગવન સુધી પહોંચી શકે છે. ત્યાંથી બે ઉડ્ડાનમાં સ્વસ્થાને પહોંચી શકે છે.

ઉપરોકત બંને લબ્ધિનો પ્રયોગ સાધક જીવનમાં પ્રમાદ રૂપ છે, તેથી તેની આલોચનાદિ કરનાર સાધુ આરાધક બને છે. જો લબ્ધિ પ્રયોગ રૂપ પ્રમાદસ્થાનના સેવનની આલોચના ન કરે, તો તે વિરાધક થાય છે.

## શતક–૨૧, ૨૨

**વનસ્પતિકાયિક જીવોની ૠદ્ધિ આદિ** – મૂળ, કંદ,

સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ અને બીજ વનસ્પતિના આ દશ વિભાગો છે.

સામાન્ય રીતે મનુષ્ય, તિર્યંચ અને દેવો મરીને વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે પરંતુ દેવ વનસ્પતિની પુષ્પ આદિ શ્રેષ્ઠ અવસ્થામાં જ ઉત્પન્ન થાય છે. મૂળ, કંદ આદિમાં ઉત્પન્ન થતાં નથી. વનસ્પતિના જીવોને પણ આઠે કર્મોનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા હોય છે. તે જીવો શાતા-અશાતા બંને પ્રકારની વેદનાનું વેદન કરે છે. તે જીવોને કૃષ્ણ, નીલ, કાપોત, આ ત્રણ અશુભ લેશ્યા હોય છે પરંતુ દેવગતિમાંથી આવેલા જીવને અપર્યાપ્તાવસ્થામાં તેજોલેશ્યા હોય છે. તે જીવો એકાંત મિથ્યાત્વી હોવાથી મતિ-શ્રુત બે અજ્ઞાન અને અચક્ષુદર્શન હોય છે. તે જીવોને એક સ્પર્શેન્દ્રિય હોય, મનનો અભાવ હોવાથી અસંજ્ઞી છે. તે જીવો વનસ્પતિમાં જ અસંખ્ય કે અનંતકાલ સુધી નિરંતર જન્મ-મરણ કર્યા કરે છે. આ રીતે વનસ્પતિની ચેતના અત્યંત અવ્યકત હોવા છતાં તેની આત્મપરિણતિ સર્વ જીવોની સમાન છે.

## શતક-૨૪

**સંસારી જીવોનું ભવભ્રમણ :-** કેવા પ્રકારની

યોગ્યતાવાળા જીવો કયા દંડકમાં ઉત્પન્ન થાય, ત્યાં તે જીવ  કેટલા ભવ કરે અને કેટલો કાલ વ્યતીત કરે તેનું વિસ્તૃત વર્ણન છે.

જેમ કે અસંજ્ઞી અને સંજ્ઞી તિર્યંચપંચેન્દ્રિય તથા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય મરીને, પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય છે. તેમાં અસંજ્ઞી તિર્યંચપંચેન્દ્રિય મરીને, પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય ત્યારે જઘન્ય ૧૦૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સ્થિતિ પ્રાપ્ત કરે છે. જઘન્ય એક, બે, ત્રણ ઉત્કૃષ્ટ સંખ્યાત કે અસંખ્યાત જીવો એક સાથે મરીને પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય છે. તે નારકી મરીને, ફરી અસંજ્ઞી તિર્યંચપંચેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી, તેથી અસંજ્ઞી તિર્યંચપંચેન્િ‍્રય અને નરકમાં ગમનાગમન કરતાં તેના જઘન્ય-ઉત્કૃષ્ટ બે ભવ જ થાય છે, તે ભવાદેશ અને તે બે ભવમાં જેટલો કાલ વ્યતીત થાય તે કાલાદેશ કહેવાય છે.

સંજ્ઞીતિર્યંચપંચેન્િ‍્રય મરીને પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય તો તે જીવ જઘન્ય બે ભવ, ઉત્કૃષ્ટ આઠ ભવ કરે છે. યથા-કયારેક સંજ્ઞીતિર્યંચ મરીને પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય, ત્યાનું આયુષ્ય પૂર્ણ કરીને તે જીવ

જો તિર્યંચમાં ઉત્પન્ન ન થાય પરંતુ મનુષ્યમાં ઉત્પન્ન થાય, તો તેનો એક ભવ સંજ્ઞીતિર્યંચનો અને એક ભવ નારકીનો, આ બે ભવ જ થાય છે. જો તે નારકી પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને ફરી સંજ્ઞી તિર્યંચમાં જ ઉત્પન્ન થાય, આ રીતે સંજ્ઞી તિર્યંચ મરીને પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય, આ રીતે સંજ્ઞી તિર્યંચ અને પ્રથમ નરક, આ બે સ્થાનમાં ગમનાગમન કરતાં વધુમાં વધુ આઠ ભવ થાય છે. તેમાં ચાર ભવ સંજ્ઞીતિર્યંચના અને ચાર ભવ નરકના થાય છે. આ તેનો ભાવદેશ છે. જઘન્ય અને ઉત્કૃષ્ટ ભવાદેશમાં વ્યતીત થતો કાલ, કાલાદેશ કહેવાય છે.

**ગમ્મા :-** એક જીવ મરીને બીજા ભવમાં જાય, ત્યારે સ્થિતિની અપેક્ષાએ વિવિધ વિકલ્પોથી જાય છે. કયારેક જઘન્ય સ્થિતિવાળો જીવ જયાં ઉત્પન્ન થાય ત્યાં પણ જઘન્ય સ્થિતિ જ પામે છે, કયારેક મધ્યમ અને કયારેક ઉત્કૃષ્ટ સ્થિતિ પામે છે. બંને ભવની સ્થિતિના ત્રણ ત્રણ પ્રકારના નવ વિકલ્પ થાય છે. આ રીતે ૨૪ દંડકના જીવોની જયાં જયાં ઉત્પતિ શકય હોય, ત્યાં તેનું ગમનાગમન કેવી રીતે અને કેટલી વાર થાય, તેનો સૂક્ષ્મતમ બોધ આ શતક દ્વારા પ્રાપ્ત થાય છે.

**જીવ દ્રવ્યનો ભોગ :–** જીવ દ્રવ્ય, અજીવ પુગદ્લ દ્રવ્યને ગ્રહણ કરીને તેને ભોગવે છે. જીવ દ્રવ્ય સચેતન, ગ્રાહક અને ભોકતા છે; અજીવ દ્રવ્ય જડ, ગ્રાહ્ય અને ભોગ્ય છે. જીવ પાંચ શરીર, પાંચ ઈન્દ્રિય, ત્રણ યોગ અને શ્વાસોચ્છ્વાસ માટે અજીવ દ્રવ્યને ગ્રહણ કરીને તે તે રૂપે પરિણત કરીને ભોગવે છે. અજીવ દ્રવ્યમાં તથાપ્રકારની શકિત ન હોવાથી તે જીવને ગ્રહણ કરી શકતા નથી.

જીવ જે પુદ્ગલોને ગ્રહણ કરે છે, તે સ્થિત અને અસ્થિત બંને પ્રકારના હોય છે. જીવને ગ્રાહ્ય પુદ્ગલ દ્રવ્યથી અનંત પ્રદેશી, ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશાવગાઢ, કાલથી એકથી અસંખ્યાત સમયની સ્થિતિવાળા અને ભાવથી અનંત વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુકત હોય છે. જીવ તે પુદ્ગલો પોતાના સ્થાનાનુસાર ત્રણ, ચાર, પાંચ કે છ દિશામાંથી ગ્રહણ કરે છે.

## શતક–૨૫/૬

**પાંચ પ્રકારના નિર્ગ્રંથ :–** રાગ–દ્વેષની ગ્રંથીથી રહિત હોય અથવા તે ગ્રંથીનો નાશ કરવા જે પુરુષાર્થશીલ હોય, તે નિર્ગ્રંથ–સાધુ છે. તેની વિવિધ અવસ્થાઓના

આધારે તેના પાંચ પ્રકાર થાય છે.

**પુલાક** – પુલાક નામની લબ્ધિના પ્રયોગથી મૂળગુણ અને ઉતરગુણમાં દોષ સેવન કરીને જે પોતાના ચારિત્રને શાળના પૂળાની જેમ નિઃસાર બનાવી દે તેને પુલાક કહે છે. તે નિર્ગ્રંથ સંઘ કે શાસન પર કોઈ આપત્તિ આવે, ત્યારે લબ્ધિ પ્રયોગથી ચક્રવર્તીને શિક્ષા કે દંડ આપી શકે છે. પુલાક લબ્ધિના પ્રયોગથી અંતર્મુહૂર્તમાં જ આપત્તિનું નિવારણ કરી શકે છે. ત્યાર પછી જો તે આલોચનાદિ દ્વારા શુદ્ધ થઈ જાય, તો તેનું નિર્ગ્રંથપણું ટકી રહે છે અન્યથા તે અસંયમભાવને પામે છે.

**બકુશ** – સંયમના સ્વીકાર પછી માનસિક શિથિલતાથી, અસહનશીલતાથી કે શરીરની આસકિતથી ચારિત્ર–પાલનમાં દોષસેવન કરીને ચારિત્રને શબલ–કાબર ચિતરું બનાવી દે છે, તેને બકુશ કહે છે તે પોતાના શરીરની કે ઉપકરણની શોભા–વિભૂષા કરવા અનેક દોષોનું સેવન કરે છે.

**કુશીલ** – સંજ્વલનકષાયના ઉદયથી જેનું ચરિત્ર દૂષિત થયું હોય તેને કુશીલ કહે છે તેના બે ભેદ છે. પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ.

પ્રમાદ આદિના નિમિત્તથી મૂળગુણ કે ઉત્તરગુણમાં દોષનું સેવન કરે, તે પ્રતિસેવનાકુશીલ છે અને મહાવ્રતાદિનું યથાર્થ પાલન કરવા છતાં સંજવલન કષાયના ઉદયથી જેનું ચારિત્ર આંશિક રૂપે દૂષિત થાય, તે કષાયકુશીલ છે.

**નિર્ગ્રંથ** – રાગ–દ્વેષનો ઉપશમ અથવા ક્ષય થયો હોય તેવા છદ્મસ્થ વીતરાગી સાધકને નિર્ગ્રંથ કહે છે.

**સ્નાતક** – જેનું ચારિત્ર અખંડ છે, ચાર ઘાતિ કર્મથી રહિત છે. તેવા કેવળી ભગવાનને સ્નાતક કહે છે.

પાંચે પ્રકારના નિર્ગ્રંથમાં વેદ, રાગ, જ્ઞાન, દર્શનાદિ ઋદ્ધિનું ૩૬ દ્વારથી વર્ણન છે.

## શતક–૨૫/૭

**પાંચ પ્રકારના ચારિત્ર** – સંયમ અને તપની સાધના માટે સર્વવિરતિ ધર્મનો સ્વીકાર થાય, તે ચારિત્ર કહેવાય છે. ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમની ન્યૂનાધિકતાથી અને કલ્પની વિવિધતાથી ચારિત્રના પાંચ ભેદ થાય છે.

**૧)સામાયિકચારિત્ર–** ત્રણ કરણ અને ત્રણ યોગથી પાપકારી પ્રવૃતિનો ત્યાગ કરવો તે સામાયિકચારિત્ર છે. તેના બે ભેદ છે. (૧) પ્રથમ અને અંતિમ તીર્થંકરના

શાસનમાં છેદોપસ્થાપનીયચારિત્રનું આરોપણ ન થાય, ત્યાં સુધી તે સાધુને અલ્પકાલીન-ઈત્વરિક સામાયિક ચારિત્ર અપાય છે. (૨) મધ્યમ બાવીસ તીર્થંકરોના શાસનના અથવા મહાવિદેહક્ષેત્રના સાધુના જીવન પર્યંતના ચારિત્રને યાવત્કથિત સામાયિકચારિત્ર કહે છે.

૨) **છેદોપસ્થાપનીયચારિત્ર** - જે ચારિત્રમાં પૂર્વ ચારિત્ર પર્યાયનો છેદ કરીને પુનઃ મહાવ્રતોનું ઉપસ્થાપન, આરોપણ કરાય, તે છેદોપસ્થાપનીયચારિત્ર છે. તેના સાતિચાર અને નિરતિચાર રૂપ બે ભેદ થાય છે. પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના સાધુ જયારે પ્રભુ મહાવીરના શાસનમાં પ્રવેશ કરે, ત્યારે તે સાધુને નિરતિચાર છેદોપસ્થાપનીયચારિત્ર અપાય છે અને મહાવ્રત આદિના દોષસેવનના પ્રાયશ્ચિત્ત રૂપે દીક્ષા છેદ પછી સાતિચાર છેદોપસ્થાપનીયચારિત્ર અપાય છે.

૩) **પરિહારવિશુદ્ધચારિત્ર** - જે ચારિત્રમાં પરિહાર - તપ વિશેષથી કર્મનિજરા રૂપ શુદ્ધિ થાય છે તેને પરિહરવિશુદ્ધચારિત્ર કહે છે. આ ચારિત્રમાં નવ સાધુઓની ૧૮ મહિનાની એક વિશિષ્ટ તપ સાધના પદ્ધતિ હોય છે. છેદોપસ્થાપનીયચારિત્રવાળા જ આ ચારિત્રનો સ્વીકાર કરી શકે છે.

૪) **સૂક્ષ્મસંપરાયચારિત્ર** – ઉપરોકત ચારિત્રનું પાલન કરતાં મોહનીય કર્મની ૨૭ પ્રકૃતિનો ઉપશમ કે ક્ષય થઈ જાય, કેવળ સૂક્ષ્મલોભનું જ વેદન હોય, આ પ્રકારની અવસ્થાને સૂક્ષ્મસંપરાયચારિત્ર કહે છે.

૫) **યથાખ્યાતચારિત્ર** – મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિનો સંપૂર્ણ ઉપશમ અથવા ક્ષય થઈ જાય, તે સમયની જીવની વીતરાગદશાને યથાખ્યાતચારિત્ર કહે છે.

આ રીતે પાંચે ચારિત્રમાં સંયમારાધનાનો ક્રમિક વિકાસ સૂચિત થાય છે. તેમાં સૂત્રકારે વેદ, રાગ, જ્ઞાન, દર્શન આદિ ૩૬ દ્વારનું વર્ણન કર્યું છે.

## શતક–૨૫/૮

**ભવાંતરમાં જીવની ઉત્પત્તિ :–** જીવ પોતાના આત્મપરિણામોથી અને યોગની પ્રવૃતિથી સ્વયં પરભવનું આયુષ્ય બાંધે છે. જીવ એક ભવનું આયુષ્ય પૂર્ણ કરીને બીજા ભવમાં જાય છે, ત્યારે ગમે તેટલું ક્ષેત્રાંતર હોય, તો પણ કૂદકો મારનાર પુરુષ કૂદકો મારીને ગંતવ્યસ્થાને પહોંચી જાય છે. તે જ રીતે જીવ પણ એક, બે કે ત્રણ સમયમાં એક લોકાંતથી બીજા લોકાંત સુધી પહોંચી જાય છે વચ્ચે કયાંય રોકાતો નથી.

જીવ ગમે ત્યાં ઉત્પન્ન થાય પરંતુ તે સ્વયં પોતાની ઋદ્ધિથી, પોતાના કર્મોથી અને પોતાના જ પ્રયત્નથી ઉત્પન્ન થાય છે. જીવની ઉત્પત્તિમાં ઈશ્વર પ્રેરણા કે અન્ય કોઈ પણ શકિત સહાયક બનતી નથી.

## શતક–૨૬, ૨૭

**જીવનો ત્રૈકાલિક કર્મબંધ :–** જીવ અનાદિકાલથી કર્મ સહિત છે અને કર્મસહિત જીવ સમયે સમયે કર્મનો બંધ કરે છે પરંતુ જીવનો અધ્યાત્મ વિકાસ થાય, ત્યારે ક્રમશઃ કર્મબંધ અટકી જાય છે. કયારેક તે જીવ ઉચ્ચત્તમ અવસ્થાથી પતિત થાય, ત્યારે પુનઃકર્મબંધ ચાલુ થઈ જાય છે. આ રીતે જીવની વિભિન્ન અવસ્થાઓમાં જીવના કર્મબંધની પણ વિભિન્ન અવસ્થાઓ થાય છે, તેના ચાર ભંગ થાય છે.

**૧) બાંધ્યું હતું, બાંધે છે, બાંધશે –** અભવી જીવોએ ભૂતકાળમાં કર્મો બાંધ્યા હતા, વર્તમાનમાં બાંધે છે અને તે જીવનો કદાપિ મોક્ષ થવાનો ન હોવાથી ભવિષ્યમાં પણ તેની કર્મબંધની પરંપરા ચાલુ રહેશે.

**૨) બાંધ્યું હતું, બાંધે છે, બાંધશે નહિં –** આ ભંગ ચરમ શરીરી ભવી જીવોની અપેક્ષાઓ છે. તે જીવોએ

ભૂતકાળમાં કર્મો બાંધ્યા હતા, બાંધે છે પરંતુ બાંધશે નહીં. જ્યારે મોક્ષમાં જાય ત્યારે તેની કર્મબંધની પરંપરા અટકી જાય છે.

**૩) બાંધ્યું હતું, બાંધતા નથી, બાંધશે** – આ ભંગ ઉપશમ અવસ્થાને પ્રાપ્ત થયેલા જીવોની અપેક્ષાએ છે. તે જીવો ઉપશમ વીતરાગ અવસ્થાને પ્રાપ્ત થાય, ત્યારે સાંપરાયિક કર્મબંધ કરતા નથી. પરંતુ તે અવસ્થાથી પતિત થઈને ફરી તે સાંપરાયિક કર્મબંધ કરશે.

**૪) બાંધ્યું હતું, બાંધતા નથી, બાંધશે નહીં** – આ ભંગ ક્ષીણવીતરાગ અવસ્થાને પ્રાપ્ત થયેલા જીવોની અપેક્ષાએ છે. તે જીવોએ કષાયનો ક્ષય કર્યો હોવાથી સાંપરાયિક કર્મબંધ કરતા નથી અને ભવિષ્યમાં પણ કરશે નહીં.

આ રીતે લેશ્યા, દ્રષ્ટિ, જ્ઞાનાદિની અપેક્ષાએ જીવના ત્રૈકાલિક સમુચ્ચય કર્મબંધની, પાપકર્મબંધની વિચારણા થાય છે.

## શતક–૨૮

**કર્મસમર્જન :–** જીવોએ પાપકર્મનું અર્જન–ઉપાર્જન કઈ ગતિમાં કર્યું ? પાપકર્મના બંધ યોગ્ય આચરણ કઈ

ગતિમાં કર્યું ? તેનો ઉત્તર વિવિધ વિકલ્પોથી આપી શકાય છે.

(૧) સર્વ જીવોને માટે તિર્યંચગતિ માતૃસ્થાન રૂપ છે. પ્રત્યેક જીવ પહેલાં તિર્યંચગતિમાં હોય છે, તેથી તિર્યંચગતિમાં રહીને તેણે પાપકર્મનું ઉપાર્જન કર્યું છે. તિર્યંચગતિમાં પાપકર્મનું ઉપાર્જન કરીને નરકગતિમાં જાય છે. (૨) જીવોએ તિર્યંચ કે નરકગતિમાં રહીને મનુષ્ય કે દેવગતિ યોગ્ય કર્મનું ઉપાર્જન કર્યું છે. (૩) તિર્યંચ અને દેવગતિમાં, આ રીતે ચાર ગતિના સંયોગથી આઠ ભંગ થાય છે.

સંક્ષેપમાં અન્ય ગતિમાં ઉત્પન્ન થવા યોગ્ય કર્મ જીવ તે જ ગતિમાં અથવા અન્ય ગતિમાં ઉપાર્જન કરે છે.

## શતક–૨૯

**કર્મના વેદનનો પ્રારંભ અને અંત :–** સંસારના વિવિધ જીવો કર્મના વેદનનો પ્રારંભ એક સાથે કરે, પરંતુ તેમાંથી કેટલાક જીવોની, કર્મોની સ્થિતિ એક સમાન હોય તો વેદનાનો અંત એક સાથે થાય અને કેટલાક જીવોના કર્મોની સ્થિતિ એક સમાન ન હોવાથી વેદનનો અંત એક સાથે થતો નથી. કેટલાક જીવોની કર્મોની સ્થિતિ એક

સમાન હોવા છતાં તેના ઉદયનો પ્રારંભ એક સાથે ન થાય, તો તેના વેદનનો પ્રારંભ કે અંત એક સાથે થતો નથી. આ રીતે અનંત જીવોના કર્મોની વિચિત્રતા હોવાથી તેના વેદનના પ્રારંભ અને અંતમાં વિવિધતા પ્રતીત થાય છે.

## શતક–૩૦

**સમવસરણ** :– સમવસરણ શબ્દનો પ્રયોગ બે અર્થમાં થાય છે. (૧) તીર્થંકરોની ધર્મસભા અથવા (૨) વિવિધ માન્યતા ધરાવતા મનાવલંબીઓ. અહીં બીજા અર્થને સ્વીકારીને સમવસરણના ચાર પ્રકાર કર્યા છે. **ક્રિયાવાદી** – ક્રિયાથી મોક્ષ માનનારા અથવા આત્માના અસ્તિત્વને માનનારા સમ્યગદ્રષ્ટિ જીવો ક્રિયાવાદી છે. **અક્રિયાવાદી**–ક્રિયાનો અથવા આત્માનો નિષેધ કરનારા મિથ્યાત્વી જીવો અક્રિયાવાદી છે. **અજ્ઞાનવાદી** – અજ્ઞાનને શ્રેષ્ઠ માનનારા, જ્ઞાન, ક્રિયા, વિનય વગેરે ગુણોનો નિષેધ કરનારા મિથ્યાત્વી જીવો અજ્ઞાનવાદી છે. **વિનયવાદી**–જ્ઞાન–ક્રિયાનો નિષેધ કરીને એકાંતે વિનયથી જ મોક્ષપ્રાપ્તિ માનનારા મિથ્યાત્વી જીવો વિનયવાદી છે.

આ રીતે ચાર સમવસરણમાં ક્રિયાવાદી સમકીતિ

છે. શેષ ત્રણ મિથ્યાત્વી છે. સૂત્રકારે ૧૧ દ્વારના ૪૭ બોલમાં ચાર સમવસરણનું તથા કયા સમવસરણવાળા જીવો કયા આયુષ્યનો બંધ કરે છે તેનું કથન કર્યું છે.

## શતક-૩૧-૩૨

**લઘુયુગ્મ :-** અંક ગણના માટે વપરાતો પારિભાષિક શબ્દ છે. તેના ચાર પ્રકાર છે- કૃતયુગ્મ, ત્ર્યોજ દ્વાપરયુગ્મ અને કલ્યોજ.

જે રાશિમાંથી ચાર-ચારનો અપહાર કરતાં-ભાગ આપતા ચાર શેષ રહે તે કૃતયુગ્મ, ત્રણ શેષ રહે તે ત્ર્યોજ, બે શેષ રહે તે દ્વાપરયુગ્મ અને એક શેષ રહે તે કલ્યોજ છે. જેમ કે ૨૦ ની સંખ્યા કૃતયુગ્મ, ૧૯ ત્ર્યોજ, ૧૮ દ્વાપરયુગ્મ અને ૧૭ કલ્યોજ છે.

૨૪ દંડકના જીવોમાંથી કયા જીવો કઈ રાશિમાં કયા સ્થાનમાં ઉત્પન્ન થાય છે અને કયા સ્થાનમાંથી કઈ રાશિના જીવો ઉદ્વર્તન – તે સ્થાનમાંથી નીકળે છે તેના વિવિધ વિકલ્પો દ્વારા વિસ્તૃત વર્ણન છે.

## શતક-૩૩

**એકેન્દ્રિય જીવોમાં કર્મ :-** એકેન્દ્રિય જીવોના મુખ્ય પાંચ ભેદ છે. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય,

વનસ્પતિકાય. તે પાંચેના સૂક્ષ્મ–બાદર, પર્યાપ્તા–અપર્યાપ્તાના ભેદથી ૫ × ૪ – ૨૦ ભેદ થાય છે. સર્વ એકેન્દ્રિય જીવોને આઠ કર્મનો બંધ, ઉદય, સત્તા, ઉદીરણા અને સત્તા હોય છે.

આઠ કર્મનું વેદન હોય તે ઉપરાંત એકેન્દ્રિય જીવોને એક સ્પર્શેન્દ્રિય અને નપુસંકવેદ હોય, તે જીવોને એક સ્પર્શેન્દ્રિય જ હોવાથી શેષ ચાર ઈન્દ્રિય અવરોધક કર્મ, સ્ત્રીવેદ અને પુરુષવેદ અવરોધક કર્મનું વેદન હોય છે.

**એકેન્દ્રિયમાં આયુષ્યબંધ** – એકેન્દ્રિય જીવો નારકી કે દેગવતિનું આયુષ્ય બાંધતા નથી. મનુષ્ય અને તિર્યંચગતિનું આયુષ્ય બાંધે છે. આયુષ્યનો બંધ ઉત્પતિના પ્રથમ સમયે અર્થાત્ અનંતરોપપન્નક એકેન્દ્રિય આયુષ્યનો બંધ કરતા નથી. પરંપરોપપન્નક જીવ જ પોતાના પરિણામ અનુસાર આયુષ્ય બાંધે છે.

શતક–૩૩ માં બાર અવાન્તર શતક અને પ્રત્યેક શતકના ૧૧–૧૧ ઉદ્દેશક છે. તેનાં લેશ્યા, દષ્ટિ, ભવી–અભવી આદિ વિશેષણ યુકત એકેન્દ્રિય જીવોમાં

કર્મોના બંધ, ઉદય આદિ વિષયોનું કથન છે.

## શતક-૩૪

**શ્રેણી શતક** - જીવને ગમન યોગ્ય આકાશપ્રદેશની પંકિતને શ્રેણી કહે છે તે શ્રેણીના આધારે જીવની ગતિ થાય છે અને શ્રેણીના આધારે જ વિગ્રહગતિના વિવિધ વિકલ્પો તથા તેનો સમય નિશ્ચિત થાય છે.

જો જીવનું ઉત્પતિસ્થાન સમશ્રેણીમાં જ હોય, તો તે એક સમયમાં જ પહોંચી જાય છે. જો ઉત્પતિસ્થાન એક વળાંક લઈને પહોંચી શકાય તેમ હોય તો જીવ એકતોવક્રાશ્રેણીથી જાય અને તેને બે સમય લાગે છે. જો બે વળાંક લઈને પહોંચી શકાય તેવું ઉત્પતિસ્થાન હોય, તો જીવ દ્વિવક્રાશ્રેણીથી જાય છે અને તેમાં ત્રણ સમય લાગે છે.

આ રીતે એકેન્દ્રિય જીવ ઊર્ધ્વલોકાંતથી અધોલોકાંત, અધોલોકાંતથી ઊર્ધ્વલોકાંત સુધીના લોકના કોઈ પણ સ્થાનમાં ઉત્પન્ન થઈ શકે છે તેથી એકેન્દ્રિય જીવોના ૨૦ ભેદ, ઉત્પતિસ્થાનની તથા શ્રેણીની વિવિધતાના આધારે વિગ્રહગતિના સેંકડો વિકલ્પો થાય છે.

શતક ૩૪ માં બાર અવાંતર શતક તથા પ્રત્યેકના ૧૧-૧૧ ઉદ્દેશક છે.

## શતક-૩૫

**મહાયુગ્મ :-** અંક રાશિની ગણના અને તેના અપહારની ગણનાના સંયોગથી મહાયુગ્મ રાશિ તૈયાર થાય છે. તેના સોળ પ્રકાર છે.

લઘુયુગ્મના ચારે પ્રકારને પરસ્પર ગુણતા મહાયુગ્મના સોળ પ્રકાર થાય છે. (૧) કૃતયુગ્મ કૃતયુગ્મ (૨) ત્ર્યોજ કૃતયુગ્મ (૩) દ્વાપરયુગ્મ કૃતયુગ્મ (૪) કલ્યોજ કૃતયુગ્મ. આ રીતે ચારેના ચાર ભેદ ગણતાં સોળ ભેદ થાય.

**કૃતયુગ્મ-કૃતયુગ્મ** - અહીં પ્રયુકત બે કૃતયુગ્મ શબ્દમાં પ્રથમ કૃતયુગ્મ શબ્દ અપહાર કરવાની સંખ્યાને અને બીજો કૃતયુગ્મ શબ્દ તે રાશિને સૂચિત કરે છે. જેમ ૩૨ સંખ્યામાંથી ચાર-ચારનો આઠ વાર અપહાર થાય, તેથી અપહાર સંખ્યા આઠ છે. તે કૃતયુગ્મ છે અને ૩૨ રાશિ પણ કૃતયુગ્મ છે. તેથી તેને કૃતયુગ્મ-કૃતયુગ્મ કહે છે.

જો કૃતયુગ્મ રાશિમાં અપહાર સંખ્યા ોજ હોય તો તે ત્ર્યોજ કૃતયુગ્મ કહેવાય. આ રીતે અપહાર સંખ્યા

અને રાશિ બંનેના સ્વરૂપ અનુસાર સોળે મહાયુગ્મ સમજી શકાય છે.

એકેન્દ્રિય જીવોની ઉત્પતિની મહાયુગ્મના સોળે ભેદથી વિચારણા થાય છે. શતક – ૩૫ માં પણ બાર અવાન્તર શતક અને પ્રત્યેકના ૧૧–૧૧ ઉદ્દેશકો છે. તે જ રીતે મહાયુગ્મ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય, સંજ્ઞીપંચેન્દ્રિયના ક્રમશઃ ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦ આ પાંચ શતક છે. અને રાશિયુગ્મનું ૪૧ મું શતક છે.

આ રીતે સેંકડો વિષયોના પ્રતિપાદન સહ શ્રી ભગવતીસૂત્ર પૂર્ણ થાય છે.

# શ્રી આગમ સૂત્ર

## ❖ અંગસૂત્ર-૧૧ ❖

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
   શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
   શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
   શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
   શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
   શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દૃષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

## ❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
   શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
   શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
   શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
   શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
   શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
   શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
   શ્રી વહ્નિદશા સૂત્ર

## ❖ મૂળસૂત્ર-૪ ❖

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

## ❖ છેદસૂત્ર-૪ ❖

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

**પ્રકાશક**

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા    શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા
શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

**સૌજન્ય**

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ
કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે
માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા
સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા
શ્રી કેતન રસિકલાલ અજમેરા    શ્રી મિલન રસિકલાલ અજમેરા
શ્રીમતી હિના નિમેષ કોઠારી

**પ્રાપ્તિ સ્થાન**

શ્રી મિલન અજમેરા
૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

**પરમ પ્રિંટર્સ** – 9825193988

◆ કિંમતઃ રૂ. ૩૦૦/-    ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-